• **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સ્વામી શ્રી વિવેકાનંદનો સંદેશ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| 'સ્વર્ગારોહણ'માં 'બાલસત્તાક દિન'ની અનોખી ઊજવણી | પ્રો. તરલાબેન દેસાઇ | ૧૫ |
| સ્ત્રી ગૃહસ્થી સંત મહાયોગિની બહિણાઇ | નારાયણ હ. જાની | ૨૫ |
| પ્રતીક્ષા | અનામી | ૩૧ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૩૨ |
| પ્રભુ સંપ્રાપ્તિનો માર્ગ | નારાયણ હ. જાની | ૪૧ |
| The Divine Grace of Pujya Maa | Shri Nirmal | ૪૫ |
| પૂ. માની દિવ્ય અદ્ભુત કૃપા | તંત્રી | ૬૦ |
| મન સ્વસ્થ તો તન સ્વસ્થ | ડૉ. કાલિદાસ પ્રજાપતિ | ૬૨ |
| એક માગું છું | યોગેશ્વરજી | ૬૪ |


## ભક્તિસુધા

અંતરબાહર ભાળતાં, પ્રભુનું સુંદર રૂપ;
શાંતિ આવો અતિઘણી, ઉપજો સુખ અનુપ. ૫૨
રતિ કામીની સ્ત્રી વિષે, રતિ લોભીની દામ;
રતિ એવી મુજને કદા, તમમાં થાશે શ્યામ? ૫૩
જુગારી રત જુગારમાં, ધેનુ રત નિજ બાલ;
કદા પ્રકટશે મુજ વિષે, પ્રભુમાં એવું વા'લ? ૫૪

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

# સ્વામી શ્રી વિવેકાનંદનો સંદેશ

શ્રી યોગેશ્વરજી

સ્વામી વિવેકાનંદ પોતાના એક પ્રવચનમાં લોકસેવક, નેતા કે પથપ્રદર્શક બનવા માટેની યોગ્યતાનું વર્ણન કરતાં કહે છે કે નેતા, પથપ્રદર્શક કે લોકસેવક થવાની ઇચ્છા હોય તો સૌથી પહેલાં તો એ જાણવું જરૂરી છે કે તમને લોકોને માટે લાગણી છે? લાગણી થવી એ મૂળભૂત અને અત્યંત આવશ્યક વસ્તુ છે, અને એના વિના સેવાના ક્ષેત્રમાં એક ડગલું પણ આગળ ના વધી શકાય. લોકોની સહાનુભૂતિ, હમદર્દી કે અનુકંપા થાય છે? તેમનું દુઃખ તથા તેમની દીનતા તમને સ્પર્શે છે, તમારા હૈયાંને હલાવી નાખે છે, ને તમને કરુણ બનાવી દઈને કાંઈક કરવા માટે પ્રેરિત કરે છે ખરી? શું તમે પરાયી પીડાને જાણી શકો છો અને એને દૂર કરવા માટે વ્યથા અનુભવો છો કે તલપાપડ બનો છો? તો નેતા કે લોકસેવક બનવા માટેની પ્રારંભિક યોગ્યતામાંથી તમે પસાર થયા ખરા. એવી સંવેદના કે અનુભૂતિ વિના લોકસેવક કે નેતા તરીકે તમે ભાગ્યે જ સફળ થઈ શકો.

છતાં પણ એટલી યોગ્યતા પર્યાપ્ત નહિ થઈ શકે. એ પછી અથવા તો એની સાથે સાથે એક બીજી યોગ્યતાની પણ આવશ્યક્તા રહેશે. અને એના તરફ લક્ષ ખેંચતાં કહે છે કે લોકોની સેવા કરવાની, લોકોને કામ લાગવાની, કે લોકોને દોરવણી આપવાની ભાવના તો તમારા દિલમાં છે જ, અને લોકોની સાથે સહાનુભૂતિપૂર્વકની સંવેદનાનો અનુભવ પણ તમે કરી શકો છો, પરંતુ લોકોને આપવા જેવું તમારી પાસે



કાંઈ છે ખરું? કોઈ વિશિષ્ટ પ્રકારની પ્રેરણા, પ્રકાશ કે માર્ગદર્શન ને શક્તિની સામગ્રીથી તમે સંપન્ન છો? બહાર બધે અંધકાર છે, પરંતુ તમે પોતે પ્રકાશ મેળવ્યો છે ખરો? જો તમારી પાસે પ્રકાશ નહિ હોય ને તમે પોતે જ અંધકારમાં અથડાતા હશો, તો બીજાને પ્રકાશ કેવી રીતે પહોંચાડી શકશો? તમે તમારી જાતને તૈયાર કરીને આપવા જેવું કાંઈ નહિ મેળવ્યું હોય તો બીજાને શું આપી શકવાના છો? એટલે સૌથી પહેલાં તો આત્મનિરીક્ષણ કરો ને તમારી પાસે શું છે તે શોધી કાઢો. જો કશું જ ના હોય તો તેને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરો. જે હોય તે થોડીક માત્રામાં હોય તો તેને વધારો અથવા તો પ્રબળ બનાવો. એવી રીતે સૌથી પહેલાં તો તમારી પોતાની સેવા કરો ને તમે પોતે તૈયાર બનો. એને માટે જે કાંઈ કરવું પડે તે શાંતિપૂર્વક ધીરજ ને ખંતથી કરી છુટો. તમારે પોતાને માટે તેમજ બીજાને માટે તે લાભદાયક છે.

ધારો કે તમને પ્રકાશની પ્રાપ્તિ થાય, અને બીજાને આપવા જેવું કાંઈક મહત્ત્વનું મળી જાય, કે સેવાની સામગ્રી સાંપડી જાય, તો પણ એટલાથી જ કાંઈ નહિ વળે. એટલી યોગ્યતા જોકે ઘણી કામની કે કીંમતી પુરવાર થશે, પરંતુ એ પછી પણ એક પ્રશ્નનો ઉત્તર મેળવવો બાકી રહેશે. સેવા, પથપ્રદર્શક કે નેતાગીરીના ક્ષેત્રમાં તમે શામાટે પડવા માગો છો? તમારી એ વૃત્તિ કે પ્રવૃત્તિની પાછળ કોઈ સ્થૂલ અહંકાર, મમતા, આસક્તિ કે લૌકિક પદાર્થની લાલસા તો કામ નથી કરી રહી? તમારો હેતુ તો શુદ્ધ છે ને? કોઈ પૂર્વગ્રહથી પીડાઈને કે રાગદ્વેષના શિકાર બનીને તો તમારી પ્રવૃત્તિમાં તમે પ્રવૃત્ત નથી થઈ રહ્યા? તમે જે કાંઈ કરવા માગો છો તે તદ્દન

નિઃસ્વાર્થભાવે, સેવાની દૃષ્ટિથી ને પ્રામાણિકતાથી કરવા માગો છોને? પ્રસિદ્ધિની, પદની કે સંપત્તિસંચયની વાસના તો તમને નથી વળગી? તમારા સેવાકર્મની પાછળ કોઇ બીજો હેતુ તો નથી સમાયો? ફક્ત સેવાને ખાતર જ તમે સેવા કરવા માગો છો ને? અને એ સેવા કરતાં કરતાં તમને અપયશ મળશે, તમારો વિરોધ કે તમારી નિંદા થશે, તમારે સહન કરવું પડશે, ખુવાર થવું પડશે, ને આખુ જગત કદાચ તમારી સામે ઊભું રહેશે, તોપણ તેનો સામનો કરવા તથા તમારા પસંદ કરેલા પથપર પ્રસન્નતાપૂર્વક પ્રયાણ કરવા તમે કૃતનિશ્ચય છો ને? એટલું મનોબળ તમે મેળવી લીધું છેને? એટલી યોગ્યતા તમે પ્રાપ્ત કરી છે કે? તો જ તમે સારીરીતે સફળતાપૂર્વક સેવા કરી શકશો, અને તમારી સેવા સમાજને કામ લાગશે. તમારું નેતૃત્વ ને પથપ્રદર્શન ત્યારે જ સાચું ઠરશે.

સ્વામી વિવેકાનંદના એ શબ્દો વરસો પહેલાં બોલાયેલા હોવા છતાં આજે અને સર્વ કાળને માટે એટલા જ કામના છે. એ શબ્દોને અક્ષરશઃ રજૂ કરવાને બદલે મેં એમનો ભાવાર્થ કે સારાંશ જ રજૂ કર્યો છે. છતાં પણ એમનો આત્મા તો એક જ છે, અને આપણે તો એની સાથે જ નિસ્બત છે, આજના સંજોગોમાં લોકસેવકો ને નેતાઓ સારી સંખ્યામાં નીકળવા માંડ્યા છે, અને લોકસેવક કે નેતા થવું એક લહાવો ગણાય છે, તથા તેને માટેની સ્પર્ધા થાય છે, ત્યારે એમના સંદેશનું મહત્ત્વ ઘણું વધારે છે. જો એ સંદેશને સમજીને એને જીવનમાં ઊતારવામાં આવે તો.

અહીં તો એના અનુસંધાનમાં હું એક બીજી વિશેષ



વાતનો ઉલ્લેખ કરવા માગું છું કે આજના અને ભવિષ્યના જગતમાં જેણે નેતા, લોકસેવક, પથપ્રદર્શક, પયગંબર કે માનવજાતિના આધ્યાત્મિક પ્રકાશપ્રદાતા બનવું હશે તેણે સ્વામીજીના એ સંદેશને જીવનમાં ઉતારીને એ સંદેશના મૂર્તિમંત સ્વરૂપ બનવું પડશે : લોકોને માટેની લાગણી, શક્તિ તથા નિઃસ્વાર્થતા ને પ્રામાણિકતાથી સંપન્ન થવું પડશે : એ તો સાચું છે, પરંતુ આ વૈજ્ઞાનિક જમાનામાં સમસ્ત માનવજાતિનો જે સફળ સંદેશવાહક થવા માગતો હશે તેને એટલી જ યોગ્યતાથી નહિ ચાલે. વિવેકાનંદ પોતે પોતાના સંદેશના સાકાર સ્વરૂપ જેવા હતા, અને એમને તે વખતે કદાચ ખબર નહિ હોય, પરંતુ એમની પછી થોડા જ વખતમાં એ સંદેશના મૂર્તિમંત સ્વરૂપ જેવા એક બીજા મહાપુરુષ ભારતની ભૂમિપર આવિર્ભાવ પામ્યા મહાત્મા ગાંધીજી. પરંતુ એ પછી તો વખત ઘણો બદલાયો છે ને બદલાતો જાય છે, અને આજનો સંસાર એક બીજા સફળ સંદેશવાહકની માગણી કરે છે. એ સંદેશવાહક ગાંધીજીની જેમ કેવળ દૈવી સંપત્તિથી કે નીતિ ને સદાચારનાં મૂળતત્ત્વોથી વિભૂષિત હશે તેમજ ઈશ્વરપ્રત્યેની અડગ શ્રદ્ધાભક્તિની જીવતી જાગતી મૂર્તિ હશે એટલાથી જ નહિ ચાલે : એ યોગ્યતા તો જોઇશે જ, પરંતુ એથી આગળ વધીને એને ઈશ્વરની સંપૂર્ણ કૃપાના ફળરૂપે ઈશ્વરી શક્તિથી સંપન્ન થઇ ઈશ્વરના આદેશાનુસાર લોકસેવાના કર્મમાં પ્રવૃત્ત થયો હોવો જોઇશે. એ દૃષ્ટિએ જોતાં, એની આધ્યાત્મિક ગુણવત્તા ઘણી વધારે જોઇશે. તે પૂર્ણ જીવનમુક્ત ઈશ્વરદર્શી પુરુષ હોવો જોઇશે. ગાંધીજીના પ્રાકટ્ય પછી એવા એક અસાધારણ શક્તિસંપન્ન પુરુષનું પ્રાકટ્ય કોઇ અશક્ય વસ્તુ

નથી, પરંતુ અનિવાર્ય છે, અને માનવ જાતિને માટે અત્યંત મંગલમય થઇ પડે તેમ છે. આધ્યાત્મિકતાના પરિત્રાણ અથવા અભ્યુત્થાન માટે એવું પ્રાકટ્ય આશીર્વાદરૂપ થઇ પડશે. ભારત વર્ષમાં જ એવી આધ્યાત્મિક વિભૂતિઓનું પ્રાકટ્ય મોટે ભાગે શક્ય થાય છે. એટલે એને માટેની આશા રાખીએ તો તે વધારે પડતી કે અસ્થાને નહિ ગણાય.

કાદવમાં જેમ કમનીય કમળની સૃષ્ટિ થાય છે, અને અમાસની અંધારી રાતે પણ આકાશમાં તારાનો પ્રકાશ રેલાય છે, તેમ છેલ્લાં કેટલાંય વરસથી, ભારતમાં કટોકટીના કાળમાં પણ, પરમપ્રકાશથી પ્રકાશિત યુગપુરુષો પેદા થયા છે. દેશ ને દુનિયા પર એમણે અસાધારણ અસરો પાડી છે. એ યુગ-પુરુષોના આવિર્ભાવમાં મહાન આશા રહેલી છે. એમની પરંપરા તૂટી નહિ જાય પણ વધારે ને વધારે પ્રાણવાન બનશે એવી ખાતરી છે.

બીજા સાધારણ કે અસાધારણ લોકસેવકો કે નેતાઓ પણ સ્વામી વિવેકાનંદનાં વચનોને લક્ષમાં લઇને પોતાની જાતની શુદ્ધિ તથા સેવાની દિશામાં વળશે, તો સરવાળે તેમને ને બીજાને લાભ જ થશે. સમાજમાં થોડા છતાં સાચા સેવકો પેદા થશે. કોઇ પણ રાષ્ટ્રની ઉન્નતિ તેના સેવકોની સંખ્યાને લીધે નથી થતી, પરંતુ યોગ્યતાને લીધે જ થાય છે. એ ખાસ યાદ રાખવાનું છે. કોઇ પણ સમાજની સુખાકારી ને સમૃદ્ધિની પારાશીશી પણ એ જ હોય છે.

✵



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ માર્ચ : ૨૦૦૮ અંક ૬

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**શુક્રવાર પોષ સુદ તેરસ ૨૦૩૮**

**તા. ૮–૧–૮૨ સ્થળ : નોર્થ બરગન**

દરરોજની નિયમિત નોંધમાં વિશેષ ખાસ કશું નોંધવાનું રહેતું નથી. આજકાલ અહીં ઠંડી વિશેષ રહે છે, પણ ઘરમાં હીટરો ચાલુ જ હોય અને તે પણ બહાર જેમ વિશેષ ઠંડક, તેમ ઘરમાં વધુ ગરમી એવાં આપોઆપ મશીન કામ કરવા માંડે છે. તેથી ગમે તેવી ઠંડક વધે તો પણ ઘરમાં ઠંડી લાગતી જ નથી.

અહીંનો નવો પરિચય છે છતાં અજાણ્યું લાગતું નથી. હવે જ્યારે પણ આવવાનું બને ત્યારે અહીં જ ઉતરવાનું એવો આગ્રહ અહીંના યજમાનનો છે. દરરોજ સવારે મુલાકાતનો

સમય હોય છે પણ પુરુષવર્ગ નોકરી કરવા જાય છે પરિણામે ઘરમાં બેનો હોય. તે પૈકી ત્રણચાર બેનો દરરોજ મુલાકાત સમયે આવે છે, બેસે છે, પણ કોઇ પ્રશ્નો ખાસ પૂછાતાં નથી, સર્વેશ્વરી ડાયરીનું એક પાનું વાંચે છે, ત્યાં તો સમય થઇ જાય છે.

આજે સાંજે પૂ. શ્રીની કેનેડામાં ઉતરેલી મુવી જોવાનો કાર્યક્રમ છે. જેમાં એક પ્રવચન આવી જ જાય છે. જેથી આજે પૂ. શ્રીને આરામ છે. પૂ. શ્રી પણ ફિલ્મ જોવા બેઠકના ઓરડામાં આવશે.

ફિલ્મ જોવામાં આવી તે દરમ્યાન શ્રી સુરેશભાઇ પરીખનો કેનેડાથી ફોન આવ્યો. સર્વેશ્વરીએ વાતો કરી. પૂ. શ્રીને એ વાત પાછળથી જાણવા મળી તો પૂ. શ્રીએ કહ્યું, ''એવા ભાવિક ભાઇનો ફોન હોય તો મને જણાવ્યું હોત તો હું વચ્ચેથી ઊઠીને તેમની સાથે વાતો કરી શકત, તો તેમને આનંદ થાત. આજે મારે પ્રવચન આપવાનું ન હતું, તેથી હું ઊઠી શકત.''

સર્વેશ્વરીએ જણાવ્યું કે ફરી તેઓ ફોન પર આપને મળનાર છે.

પૂ. શ્રી સામાન્ય રીતે કોઇના ફોન હોય તો સર્વેશ્વરીને તે વાતો કરી લેવાનું જણાવે છે, જેથી આજે ફોન ઉપર પૂ. શ્રીને શ્રોતાઓની વચ્ચે મુવીફિલ્મ ચાલુ હતી ત્યાંથી ઊઠાડવા યોગ્ય ન લાગ્યા. ફરી એ રીતે હવે પૂ. શ્રીને જાણ કરવી જોઇએ એનો ખ્યાલ સર્વેશ્વરીને આવ્યો.

ફિલ્મ જોવાયા બાદ પૂ. શ્રીએ બટાકાપૌંઆનો હળવો નાસ્તો કરી આરામ કર્યો. હરિઃ ૐ



## શનિવાર પોષ સુદ પૂનમ ૨૦૩૮

**તા. ૯–૧–૮૨** **સ્થળ : નોર્થ બરગન**

સવારે પૂ. શ્રી સમયસર ઊઠી જાય છે. ગઇરાત્રે પૂ. શ્રીએ રાતે ૩ વાગ્યા સુધી ઊંઘ ન આવતાં, થોડું લેખન કર્યું, થોડું ધ્યાનમાં બેઠા એ અંગે સર્વેશ્વરીને કહ્યું, ''જીવનમાં પ્રથમ વાર જ રાતે લેખનકાર્ય કર્યું. પ્રભુ જાણે પૂર્ણ નિદ્રાનો વિજય આપવા માંગે છે.''

સર્વેશ્વરી પણ રાતે ભગવાન રમણમહર્ષિનું પુસ્તક વાંચે છે. સવારે સર્વેશ્વરી બહાર શહેરમાં જાય છે. શહેરમાંથી ૧૨ વાગ્યે આવવાનું બને છે. ત્યાં તો આવીને જોયું તો પૂ. શ્રીએ આજે જાતે જ ખીચડી બનાવીને તૈયાર કરી દીધી હતી. સર્વેશ્વરીએ વિનંતિ કરીને ના કહી હતી કે અમને આવતાં મોડું થાય તો પણ આવીને હું જ ભોજન બનાવી લઇશ પણ પૂ. શ્રી તો સ્વાશ્રયી જીવન જીવનારા, એટલે ૧૧ વાગ્યે જ ઇચ્છા થઇ ને તેઓએ ખીચડી બનાવી દીધી!

સર્વેશ્વરીને પૂ. શ્રી પૂછે છે. 'શું લાવ્યાં?' સર્વેશ્વરી કહે છે, 'આલ્બમ, ફોટાઓ મૂકવા માટે ખરીદ્યું છે.' પૂ. શ્રીએ કહ્યું, 'ઘડિયાળ જોવા ગયાં કે નહીં?' સર્વેશ્વરી કહે, 'જોઇ, પણ સારી કંપનીની કોઇ ઘડિયાળ જ ન જોવા મળી.'

પૂ. શ્રી : અરે, અમે પણ ક્યાં કોઇ જાણીતી કંપનીના હતા? અમારી કંપની તો ભલીભોળી ખેતી કરતી. અરે, એ કંપનીને અમદાવાદમાં જ કોઇ ઓળખતું ન હતું . જુઓ, તેમાં આ (પોતાના તરફ હાથ બતાવી કહે) ઘડિયાળ કેવી જાણીતી નીકળી! 'કેવી સરસ ચાલે છે' એટલે જાણીતી કંપની ન હોય તો પણ વસ્તુ સારી નીકળે છે.

પૂ. શ્રીએ આજે ઘડિયાળની વાત ઉપરથી પોતાનો દાખલો આપી સુંદર સમજ આપી.

આજે પૂ. શ્રીના હાથની ખીચડીનું ભોજન લીધું. ખીચડી સાથે દૂધ ને શાકનું ભોજન લીધું. ભોજન બાદ ફરીથી લેખન પૂ. શ્રીએ શરૂ કર્યું.

સાડા ચાર સુધી લેખન કરી આરામ કર્યો. આજે વાતાવરણમાં ખૂબ ઠંડક હતી. બરફની સતત વર્ષા ચાલુ થઈ હતી, પરિણામે બહાર જવું અશક્ય હતું. આજે ન્યુયોર્કના હિન્દુમંદિરમાં પ્રવચન માટે છ વાગ્યે જવાનું હતું, પણ આજે સખત બરફવર્ષા હોવાથી પ્રવચન બંધ રાખવું પડ્યું.

પરિણામે સાંજે છ વાગ્યે ધ્યાનમાં બેઠાં. ધ્યાનની બેઠકમાં દરરોજ આવનાર સભ્યો આવી ગયા. ધ્યાન બાદ આજે લેસ્ટર ઈંગ્લેન્ડથી શ્રી શ્રીકાંતભાઈનો ફોન હતો. ફોનથી વાત થઈ. જેમાં ગુજરાતના જાણીતા સંતપુરુષ શ્રી કૃપાલાનંદજી દેવલોક થયા તે સમાચાર જાણવા મળ્યા. જાણીને ખૂબ દુઃખ થયું. ગુજરાતે એક યોગી મહાપુરુષ ગુમાવ્યા.

શ્રી કૃપાલાનંદજીના ભક્ત શ્રી ગજેન્દ્રભાઈ વ્યાસને મળવાનું બન્યું. લંડનમાં તેમને ત્યાં કૃપાલાનંદજીની ચરણપાદુકાનાં દર્શન કર્યાં હતાં શ્રી કૃપાલાનંદજીના પવિત્ર આત્માને પ્રણામ હો.

ધ્યાનની બેઠક બાદ આજે સત્સંગની બેઠક શરૂ થઈ જે આ ઘરના ઉપરના ભાગમાં જ્યાં એક પરિવાર રહે છે ત્યાં. સૌ પ્રથમ શિવશંકરની સ્તુતિ પૂ. શ્રીની લખેલી તે બેને ગવડાવી પછી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

આજે પ્રશ્નોત્તરીની શરૂઆત ધ્યાનમાં નિયમિત આવનાર



ભાઈ શ્રી દિનેશભાઈએ કરી.

પ્રશ્ન : ધ્યાનાવસ્થામાં જે જ્યોતિ દેખાય તે જ્યોતિ શરીરમાં પ્રવેશી શકે ખરી?

પૂ. શ્રી : પરમાત્માનું સ્વરૂપ જ છે જ્યોતિ. પ્રભુના રૂપે અંદર આત્મારૂપે વસેલી જ છે. તે જ્યોતિને આપણે અંદર નથી લઈ જવાની. જે જ્યોતિ આપણી અંદર છે તેમાં આપણે જવાનું છે. ઘણા જ્યોતિનું જ ધ્યાન ધરે છે. સંતરામ મંદિરમાં જ્યોત્‌ની જ પૂજા થાય છે.

જ્યાં સુધી શરીરનું ભાન રહે ને સાથે ધ્યાન થાય તે ધ્યાન કહેવાય, પણ શરીરનું ભાન ધ્યાન દરમ્યાન જતું રહે તે સમાધિદશા કહેવાય.

ઊંઘ તમોગુણનું પ્રતીક છે. જ્યારે સમાધિ શુદ્ધ સત્ત્વગુણ છે. સમાધિમાં દેહભાન ન રહે. સમાધિ કોઈકને જ થાય એ સમાધિ મેળવવા અભ્યાસની જરૂર રહે.

શ્રી વિનોદભાઈ : આપને જે હાર્ટ એટેક આવ્યો હતો તો નિર્વિકલ્પ સમાધિનો પ્રકાર હતો?

પૂ. શ્રી : ના, એ તો શરીર ઉપર હુમલો હતો. નિર્વિકલ્પ સમાધિમાં યોગી અસ્વસ્થ બનતો નથી, શાંત જ રહે છે. મૂંઝવણ અનુભવતો નથી, જ્યારે હાર્ટએટેકમાં અશાંતિ અસ્વસ્થતા મૂંઝવણ વગેરે આવે છે.

પણ યોગીને હાર્ટએટેક આવે તો પણ તે દુઃખ શાંતિથી સહન કરે, સ્વસ્થ રહે.

ભોગીને રોગ થાય ને યોગીને રોગ થાય એ બંનેમાં ઘણો ફેર હોય છે.

યોગીનું મન રોગ દરમ્યાન શાંત સ્વસ્થ જ હોય.

છે પ



શ્રી દિનેશભાઇ : યોગી જ્યોતિષમાં રસ ધરાવે ખરા?

પૂ. શ્રી તે જ્યોતિષનો વિરોધ ના કરે. રસ ધરાવે અને ન પણ ધરાવે. જ્યોતિષ પણ એક વિદ્યા છે. જ્યોતિષ કોઇવાર ખોટું પણ ઠરે પણ યોગીનું તો ઈશ્વર સાચું જ પાડે.

શ્રી વિનોદભાઇ : ઘણા જીવો મૃત્યુ પછી ભટકે તે વાત સાચી?

પૂ. શ્રી : ઇચ્છા વાસના અધૂરી હોય તે પ્રેતયોનિમાં ભટકે. માણસોમાં જેમ સારા માનવ ને ખરાબ માનવ હોય છે તેમ પ્રેતયોનિમાં પણ સારા પ્રેત ને ખરાબ પ્રેત હોય છે.

શ્રી વિનોદભાઇ : પ્રેત કોઇ વ્યક્તિમાં પ્રવેશ કરે તે વ્યક્તિને જોઇને પ્રવેશે?

પૂ. શ્રી : પ્રેત વાયુની જેમ શરીરમાં પ્રવેશે, પણ તે જે વ્યક્તિ સાથે એના ઋણાનુબંધ હોય—લેણદેણ હોય, તેમાં પ્રવેશે. તમે મહેમાનોને બોલાવો છો, તેમના સંસ્કારો લેણદેણ છે જેથી તે મહેમાનોને બોલાવો—જમાડો છો.

એક બેન છે, તેને સારુ પ્રેત વળગ્યું છે. તે પ્રેત ચાર વાગ્યે ઊઠાડીને તેની પાસે જપ કરાવે. સત્સંગમાં કથામાં લઇ જાય. ભક્તિ કરનારાં પ્રેતો પણ હોય, પણ તે બહુ ઓછાં.

માનવની ક્યાંયેક પણ વાસના રહી જાય. પછી તે ધનમાં, સંપત્તિમાં, શરીરને તો તે વાસના ભોગવવા આવવું જ પડે, જેવી વાસના તેવું તેને શરીર મળે. કેટલીક વાસનાઓ સ્થૂળ શરીરમાં રહી ભોગવવાની હોય, તો સ્થૂળ શરીર ધારણ કરે. કેટલીક સૂક્ષ્મ શરીરમાં રહી ભોગવવાની હોય, તો સૂક્ષ્મ શરીર ધારણ કરે ને તેમાં પ્રેત બનીને તે વાસના ભોગવે.

શ્રી દિનેશભાઇ : ગાંધીજી રામનામ પણ લેતા ને સમાજ-



સેવા પણ કરતાં, તો એ પંથ અપનાવવા જેવો ખરો.

પૂ. શ્રી : ગાંધીજી આદર્શ સંત છે તેમની જેમ સમાજ સેવા ને રામનામ લઇ શકાય. એના અનુસંધાનમાં પોતાની વિદ્યાર્થી અવસ્થાની વાતો પણ કરી અને સેવા ને દાનનો નિયમ રાખવાની સૌને શીખામણ આપી.

પૂ. શ્રીએ સર્વેશ્વરીને મૌનમંદિરના અનુભવો સંભળા-વવાની સૂચના કરી, જેથી પ્રાર્થના સંભળાય છે તે અનુભવ કહી સંભળાવી, ભજન ગવડાવી સત્સંગ પૂર્ણ કર્યો.

સૌને પ્રસાદ વહેંચાયો. પૂ. શ્રી તથા સર્વેશ્વરી નીચે આવ્યાં ત્યાં શ્રી ભગવાનજીભાઇનો ફોન લોસએંજલસથી આવ્યો, તેમની સાથે વાતો કરી.

ત્યાર બાદ બટાકાપૌઆનો નાસ્તો લીધો. દૂધ પીધું, પૂ. શ્રી દૂધ પીધા બાદ લેખનકાર્ય માટે બેઠા ત્યારે ઘડીયાળમાં રાત્રે ૧૧ થયા હતા. ત્યારે સર્વેશ્વરીએ પણ નોંધ પૂર્ણ કરી.

હરિઃ ૐ (ક્રમશઃ)

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# 'સ્વર્ગારોહણ'માં 'બાલસત્તાક દિન'ની અનોખી ઊજવણી

પ્રો. તરલાબહેન દેસાઈ

સમગ્ર ભારતમાં ૨૬ મી જાન્યુઆરીએ ઊજવાતો 'પ્રજા-સત્તાક દિન' અંબાજીસ્થિત સ્વર્ગારોહણમાં 'બાલસત્તાક દિન'નું રૂપ ધરીને આવ્યો. પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીની અસીમ કૃપા અને અનહદ સ્નેહબળે જાણે વિરાટ તત્ત્વ વામનરૂપ ધરીને પધાર્યું! એક સાધક દંપત્તિની ઈચ્છા એમની દીકરીના લગ્ન-નિમિત્તે 'સ્વર્ગારોહણ'ના સાધકોને પ્રસાદ આપવાની હતી. પ. પૂ. 'મા'એ ઈચ્છાનું રૂપાંતર ૨૬ મી જાન્યુ. એ આદિ-વાસી શાળાનાં પાંચસો બાળકોને પ્રસાદ વિતરણ કરવાના સત્કાર્યમાં કરવાનું સૂચવ્યું અને સાથે જ સ્પષ્ટ કર્યું કે, 'જીવતા બાળદેવતા જ પ્રસન્ન કરીએ તો પછી મંદિર—મસ્જિદ જવું ન પડે.'

પરમ પૂજ્ય 'મા'ની આ પુનિત ભાવના પ્રગટતાં જ ન્યૂજર્સી સ્થિત શ્રી વિનોદભાઈ સરોજબેને એમની દીકરી ભારવિનાં લગ્ન નિમિત્તે ૨૬ મીનો આખો સેવાયજ્ઞ પોતે વહન કરે એવો ભાવ વ્યક્ત કર્યો પણ સમભાવશીલ 'મા'એ આ 'સેવાયજ્ઞ'માં જોડાવા બીજા અનેક સેવાભાવીઓને ઈજન આપ્યું. અને 'આશલ—મિત્રેન'ના લગ્ન નિમિત્તે શ્રી યશવન્ત-ભાઈ—તરલાબેન તરફથી બુંદી—ગાંઠિયાના પ્રસાદ સાથે નાની સ્ટીલની ડીશ અને પ્યાલો, શ્રી વિનોદભાઈ—સરોજબેન તરફથી સ્વેટર, ટોપી, સ્કાર્ફ, દફ્તર, શ્રી વિનોદભાઈ ને



ગીતાબેન તરફથી તરફથી ટુવાલ, શ્રી સુરેશભાઈ ને રેખાબેન તરફથી કંપાસબોક્સ, પેન્સીલ, સંચો, રબ્બર વગેરેની કીટ સાથે, શ્રી ભારતીબેન અને રીટાબેન તરફથી વેફર્સ, શ્રી ઉર્વશીબેન અને ક્ષિપ્રાબેન તરફથી બિસ્કીટ, (શ્રી રાજુભાઈની દીકરીના લગ્નનો પ્રસાદ બાકી રહ્યો) આ તો માત્ર ટોકન! એમ પૂ. માએ મીઠી ટકોર કરી. તેમ જ શ્રી જયસુખભાઈ તરફથી ચોકલેટનું પેકેટ અને શ્રી સિદ્ધાર્થભાઈ તરફથી કાગળના રાષ્ટ્રધ્વજ વહેંચવાની પૂ. માએ અનુજ્ઞા આપી.

આ ઉપરાંત શિક્ષક ભાઈઓને પેન્ટ તથા શર્ટ પીસ અને શિક્ષિકાબેનોને સાડી ઉપરાંત સ્ટીલની ડીશ, ગ્લાસ, રૂમાલ ને પ્રસાદ એ બધું મુંબઈના શ્રી રીટાબેન તરફથી સત્કર્મરૂપે આપવામાં આવ્યું.

૨૬ મીએ જોતજોતામાં પ્રસાદસામગ્રીઓ તો વ્યવસ્થિત ફોલ્ડિંગ ટેબલો પર, 'યોગતીર્થ'ના વિશાળ ઓટલા પર ગોઠવાઈ ગઈ. એને વહેંચવા સાધકો પણ તૈયાર હતા. પણ ત્યાં જ પૂ. 'મા'એ સાવધાન કરતાં સ્લેટ પર લખ્યું, 'લેનાર આપણને કૃતાર્થ કરે છે. અકિંચન આદિવાસી બાળકોની ગરિમા અકબંધ રહે, કશુંક ગ્રહણ કરવામાં એમનું ગૌરવ લેશમાત્ર ખંડિત ન થાય એ જોવાની જવાબદારી આપણી છે આવી સમજણ ધરાવનાર જ કંઈક અર્પવા અધિકારી કે પાત્ર બને છે.' પૂ. 'મા'નો આ સંકેતાત્મક ઉપદેશ શ્રી રમણ મહર્ષિનાં વચનની યાદ આપે, તેઓશ્રી કહેતા, 'ભેટ આપ-નાર અને ગ્રહણ કરનાર બંનેનો આનંદ સમતોલ બને તો જ આદાન—પ્રદાનની ક્રિયા ગૌરવાન્વિત બને.' 'કોઈના હકનું કંઈક વધારાનું આપણી પાસે આવી ગયું હોય તેને આવી તક

મળતાં આપણે તેને પરત કરીએ તો એ ઉપકાર નથી, દાન નથી, આપણી ફરજ છે, કર્તવ્ય છે, ધર્મ છે કે કૃતજ્ઞભાવે એનો હક એને પ્રાપ્ત કરાવવા આપણે સહાયક થઈએ.' પૂ. 'મા'નો મૌનમય ઉપદેશ કંઈક આ પ્રકારે 'સ્વર્ગારોહણ'માં પ્રસરતો અનુભવાયો.

બરાબર દસના ટકોરે 'સ્વર્ગારોહણ'ને આંગણે જુદી જુદી શાળાઓમાંથી પાંચસો આમંત્રિત બાળકો પધાર્યાં. અંબાજીના આજુબાજુના ગામડાઓના જ નહિ દૂર જંગલોમાં વસતાં ભૂલકાં 'સ્વર્ગારોહણ'ના ઝાંપેથી કતારબંધ અંદર પ્રવેશ્યાં. મોટાભાગનાં બાળકોનાં પહેરેલાં વસ્ત્રો મેલાં—ફાટેલાં હતાં. એમના હાથ—પગ—મોં પણ ઠંડીથી ફાટી ગયેલાં હતાં. દિવસોથી ન્હાવા ય નહિ પામ્યાં હોય. ગરમ પાણીના અભાવે નહિ, ઠંડુ પાણી પણ એમના વિસ્તારમાં બધાને લભ્ય નહિ હોય. દરેક બાળકના ચહેરા પર શાન્ત સ્તબ્ધતા દેખાઈ. આર્થિક અભાવગ્રસ્ત તો એ હતાં જ પણ જાત સાથે ય પોતાને કોઈ નિસ્બત ન હોય, કોઈના ચલાવ્યાં ચાલતાં હોય, એવાં એક પછી એક હારબદ્ધ આવ્યાં અને જે પ્રમાણે સૂચના મળી એમ હારબંધ બિછાવેલી શેતરંજીઓ પર બેસી ગયાં. ઘોંઘાટ—ધમાલ તો નહિ જ પણ છાનો ગણગણાટ સુદ્ધાં નહિ. જાણે બધી મૂંગી મૂર્તિઓ હોય એમ સ્થિર ગોઠવાઈ ગયેલાં! શૈશવસહજ સરળતા, નિર્દોષતા, સહજતા ખરાં પણ શૈશવના વૈભવ સમાં મઝા—મસતી—તોફાન અટકચાળાં કશાં કરતાં કશું જ નહિ! ઉત્સાહ—ઉમંગ—ઉલ્લાસનું કોઈ નામનિશાન નહિ! 'બાળકો હતાં (૫ થી ૧૨ વર્ષનાં) પણ બાળપણની (પ્રસન્નતા) સૌગાદથી વંચિત હતાં! દારૂણ ગરીબી, અર્થનો



અભાવ મનુષ્યત્વ માટે કેવો ઘોર અભિશાપ બની રહે છે એના જીવતા—જાગતા જાણે નમૂના! બાળકો પાસે મૂડીમાં બાળપણ પણ નથી, એની જાણ પણ એને નથી. જે સ્થિતિ પ્રાપ્ત છે એને જીવવા માંડવાની એવી કઠોર નિયતિની પાઘડી એમનાં નાનકડા—નાજુક માથા પર બંધાઈ જાય છે! બાળકોને કમસે કમ પોતાના બાળપણનો અહેસાસ થાય, બાળસહજ પ્રસન્નતા પ્રતીત થાય એવી ને એટલી વ્યવસ્થા કરવી એ રાષ્ટ્રની—રાષ્ટ્રમાં વસતા પ્રત્યેક નાગરિકની ફરજ છે. કોઈ પણ રીતે બાળકોનું 'બાળપણ', એનું 'ઈશ્વરદત્ત એ અવસ્થાનું સામ્રાજ્ય' બીજા કશાથી નહિ. તો નિર્દોષ હાસ્ય, મુક્ત મજાક—મશ્કરી, હળવી અગંભીર બાલસહજ હરકતો, શરારતોથી ભરચક તો હોવું જ જોઈએ. વિસ્મય—કૌતુકનું વરદાન લઈને જીવતા બાળક સામે રસમય વિશ્વ એનાં અવનવાં રહસ્યોનો ઉઘાડ કરતું રહે એવી યોજના આપણે કરવી જ રહી એ એનો અધિકાર છે.' પરમ પૂજ્યની આજની 'મંગલ યોજના' કદાચ આપણા સ્વધર્મને, આપણા કર્તવ્ય-ભાનને જગાડવા માટેની જ હતી.

સર્વપ્રથમ તો 'સ્વર્ગારોહણ'માં નવદંપત્તિ આશલ—મિત્રેનના સુખી લગ્નજીવનની કામના પ્રગટ કરતી પ્રાર્થના ગવાઈ અને પછી 'સેવાયજ્ઞ'નો શુભારંભ 'શ્રી યોગેશ્વરાય નમઃ'ના મંત્રોચ્ચાર તેમ જ મંગલદીપ પ્રાગટ્યથી થયો. (પવનનું જોર એવું હતું કે મંગલદીપ માંડ—માંડ પ્રગટ્યો અને પ્રગટ્યો એવો જ વિલય પામ્યો, પણ એમાં જ એની વિનમ્રતાભરી સમજણ હતી કેમ કે જ્યાં એક આકાશમાં અને બીજો સ્વર્ગારોહણમાં એમ બબ્બે સૂર્ય, બબ્બે તેજપુંજ પ્રકાશ-

માન હોય ત્યાં એ પોતાના પ્રકાશને શું અલગ ઉપસાવે!)

હવે આવી મંગલ ઘડી બાળદેવતાઓને અર્ઘ્ય ધરવાની! પાંચસો હારબંધ બેઠેલા બાળકોને એક પછી એક સ્વર્ગારોહણના સાધક—ભાઈબહેનો આંગળી પકડી અથવા એમને ખભે હાથ મૂકી, લઈ આવ્યાં, દરેકના હાથમાં દફતર પકડાવે એ દફતરમાં ટુવાલ, કંપાસબોક્ષ, ચવાણા—વેફરના—બિસ્કિટના પેકેટ બધું જે તે પ્રસાદના દાતાના હસ્તે જ સ્નેહપૂર્વક અપાયાં. સાથે સાથે બાળકોને પ્રણામ કરી, બાળકોને સામા વંદન કરાવી, 'ૐ મા' કે 'જય કૃપાળુ મા' કહી આગળ લઈ જઈ, સ્વેટર—ટોપી—સ્કાર્ફ પહેરાવીને ભોજનપ્રસાદની પંગતમાં બેસાડવામાં આવ્યાં. બધાં જ બાળકો એકદમ વિસ્ફારિત નેત્રે સ્વર્ગારોહણની આ સ્નેહવર્ષાનો અનુભવ કરવા લાગ્યાં. ક્યાંય ગરબડ, કોલાહલ કે પ્રસાદની સામગ્રીની ખેંચાખેંચ નહિ. બધું જ સુવ્યવસ્થિત—શાન્ત, શિસ્તબદ્ધ, નિયમબદ્ધ અને પ્રેમમય! પાંચસો યે પાંચસો બાળકો પોતાના દફતરોને બધી પ્રાપ્ત વસ્તુઓની પ્રસાદી સાથે બંધ કરીને, ખોળામાં મૂકીને એવી રીતે બેઠાં હતાં કે, 'આટલું બધું અમારી પાસે! આ બધી સંપત્તિ અમારી! અમે આના માલિક!' પ્રાપ્ત પ્રસાદીનો હર્ષ કોઈની આંખમાં ઝળકતો હતો. પૂ. 'મા'એ બાળકોના દફતરોને તત્કાળપૂરતા પાટલારૂપે સામે ગોઠવાવી દીધાં અને એના પર નાસ્તાની ડીશ મૂકાવી. પછી થોડીક ક્ષણોમાં જ એમને છૂટી બુંદી અને ગંઠિયા (જે ખાસ શુદ્ધ ઘી અને શુદ્ધ તેલમાં પૂ. માએ ખાસ રસોઈયાઓ પાસે તૈયાર કરાવેલાં) પીરસવામાં આવ્યાં અને તે પણ 'પ્રણામ સાથે જ પીરસવાના અને પીરસયા પછી પણ 'આ પ્રસાદ ગ્રહણ કર્યા બદલ



આભાર એમ કહી ફરી હાથ જોડવાના!' એમ સ્લેટ પર લખી પૂ. માએ સાધકોનાં પીરસવાના સામાન્ય કર્મને એવું ભાવસંપન્ન કરી દીધું કે, એ કાર્ય કર્મકાંડ નહિ, સાધના બની ગયું. બાળકોની કોઈ પંગતને પીરસવામાં વિલંબ થયો તો વ્યવહારદક્ષ 'મા'ની ચકોર દૃષ્ટિએ તરત જ બીજા સ્વયંસેવકોને પીરસવામાં લગાડી દીધા અને એ પણ જેમના તરફથી પ્રસાદ હતો એમની સંમતિ લઈ! સત્કાર્ય માટે જેને તક મળી છે એને સહાયક બનનારને પણ મંજૂરી માગવાની? પૂ. 'મા'ના સૂક્ષ્મ વિવેકને સાચે જ શત શત વંદન ઓછાં પડે. ગમે તેટલી ઉતાવળ હોય પણ ક્યાંય જરાય વિવેક ન જ ચૂકાય એ પૂ. 'મા'ની શિસ્ત. બુંદી—ગાંઠિયા સર્વને પીરસાઈ રહ્યા પછી 'આ અન્ન બ્રહ્મરૂપ છે' એ પ્રાર્થના સ્વર્ગારોહણના નિત્ય નિયમ મુજબ ગવાઈ પછી એક શાળાના શિક્ષકે પણ બાળકો પાસે 'સાથે રમીએ સાથે જમીએ' પ્રાર્થના ગવડાવી ને હવે પ્રારંભ થયો બાળદેવતાઓના પ્રસાદગ્રહણનો! સવારના ભૂખ્યા હશે બાળકો છતાં બહુ જ ઠાવકાઈથી—શાંતિથી—વેરાય નહિ એ રીતે બુંદી—ગાંઠિયા ખાવા લાગ્યાં. 'રોજ ઘરે કેવળ રોટલો—શાક ખાવા ટેવાયેલા બાળકોને દાળ—ભાત—શાક—પુરી—લાડુ ના ફાવે.' એવું એક શિક્ષકે કહેલું અને ઉમેરેલું 'બુંદી—ગાંઠિયા બહુ ભાવે' તેથી આ આયોજન કર્યું નહિ તો પૂ. 'મા'એ વડોદરાથી ખાસ રસોઈયો બોલાવેલો.

સ્વર્ગારોહણના આંગણામાં છ—સાત પંગતમાં ગોઠવાયેલાં પાંચસો બાળકો જે ભાવથી બુંદી—ગાંઠિયા આરોગતાં હતાં એ દૃશ્ય એટલું બધું મંગલ ને પુનિત હતું જોનારાનાં નેત્રો જ નહિ, અંતર ઠરે! નાનાં—નાનાં ભૂલકાંઓના ચહેરાઓની

તૃપ્તિ, એમના પેટની ટાઢક અને હૃદયની હાશ અનુભવી કોઈ પણ ગદ્‌ગદ્‌ થઈ જાય. (આ બાળકોના આ ક્ષણનો ભાવ-સંવેદનો જેણે જેણે વિડિયો ફિલ્મમાં નિહાળ્યાં તેમની આંખો ભીની થઈ ગઈ!) આ ભૂલકાંઓ એમના આયુષ્યમાં કદાચ પહેલી વાર, આવી આત્મીયતા, આવો પ્રેમ, આવાં ભાવતાં ભોજન આટલી બધી વૈવિધ્યસભર સામગ્રીની સામટી પ્રસાદી એક સાથે પામ્યાં હશે. એમનાં સંકોચશીલ, શરમાળ વ્યક્તિત્વમાં 'મૂક ધન્યતા'નો ભાવ અછતો નહોતો રહી શકતો. કશુંક જે આજસુધી નથી બન્યું એવું કંઈક આપણી સાથે ઘટી રહ્યું છે. આપણને પણ કોઈ પ્રેમ કરે છે, આપણી જરૂરિયાતોને કોઈક જાણી ગયું છે, આપણને આટલું બધું અધધ.... મળ્યું! આવો છાનો પરિતોષ સર્વત્ર છલકતો હતો.

નાનાં—અબુધ બાળકો ગમે ત્યાં પાણી ન ઢોળે એટલે છેલ્લે બધાંને માટે પાણી પીવાની ખાસ વ્યવસ્થા કરેલી. પણ ઘણાં બાળકો તો પાણી પીવાની ના પાડતાં હતાં. કદાચ પાણી માટે જગ્યા નહોતી અથવા પાણી પીવાની તેમને ટેવ નહોતી, જળની છતનો અનુભવ નહિ હોય, અથવા તો દફતરમાં મૂકી દીધેલો નવો—નક્કોર પ્યાલો બહાર કાઢી બગાડવા ચાહતા ન હતા! પાણી ન પીવાનું ગમે તે કારણ હોય પણ 'સ્વર્ગા-રોહણનું પાણી' 'સ્વર્ગારોહણનું તેજ' ગ્રહીને પરમ પૂજ્ય 'મા'ની અસીમ અનુકંપાનું ભાજન બનીને, સ્વર્ગારોહણના સ્વયંસેવકોની ભાવભરી આગતા—સ્વાગતા માણીને, છેલ્લે દરેકને એનાયત થયેલો 'રાષ્ટ્રધ્વજ' ફરકાવતા—ફરકાવતા, 'જય ભારત', 'જય મા', 'જય કૃપાળુ મા'ના નારા લગાવતા 'સ્વર્ગારોહણ તીર્થના કણ—કણને જાણે પોતાના ચૈતન્યથી



રણઝણાવી રહ્યા!'

આ પવિત્ર ભૂમિ સાથેનો એ બાળકોનો થોડી ક્ષણોનો નાતો એક અવિસ્મરણીય પ્રભાવ પાથરી રહ્યો. અહીં પ્રવેશ્યા ત્યારે મેલાં—ઘેલાં—ઉદાસીનતાની મૂર્તિ સમાં હતાં, વિદાય થયાં ત્યારે લાલ સ્વેટર—ટોપીમાં સજ્જ, પોતાની મનપસંદ વસ્તુ-ઓથી ભરચક દફતર સાથે, હાથમાં ત્રિરંગા ધ્વજ સાથે અને જય જયકારના નિનાદ સાથે બહાર ટેમ્પા સુધી ગયાં ત્યારે 'એક અપૂર્વ મનોહર દૃશ્ય'માં પરિવર્તિત થઈ ગયાં હતાં.

'સ્વર્ગારોહણ'માં આમંત્રિત પાંચસો આદિવાસી બાળકો આવ્યાં ત્યારે દીન—દરિદ્ર અભાવગ્રસ્ત, ફિક્કાં, ઉદાસીન જેવાં હતાં, પણ આ તીર્થભૂમિના ચૈતન્યસ્પર્શે—પ્રાપ્ત પ્રસાદીના પરિતોષે એમનું પરિણમન જાણે લાલમ લાલ પુષ્પોના બગીચામાં કરી દીધું હોય એવું લાગતું હતું! છેવટે આખે આખો એ બગીચો—ટેમ્પાઓમાં ગોઠવાઈ ગયો. અને અદૃશ્ય થઈ ગયો, પણ એ બાળકોના 'અસ્તિત્વનું ઐશ્વર્ય' સ્વર્ગા-રોહણમાં ઉપસ્થિત સર્વ કોઈને સ્પર્શી ગયું એટલું જ નહિ, 'એ નાના—નાના ચેતનઅંશો'ને ચૈતન્વયંતા સદા રાખવા આપણે પરમ ચેતનાને સહાયક થઈએ એવી વિનમ્ર મનોમન પ્રાર્થના પણ બધાંથી થઈ જ. પરમ કરુણાળુ 'મા'ના અંતઃસ્તલમાં તો આ બાળકોને કંઈક એવું અર્પી શકાયું કે જેથી એમને આનંદપ્રાપ્તિ થઈ. એનો 'પરમાનંદ સાગર' સતત હિલોળા લેતો થઈ ગયો. ફરી એકવાર એક વિરક્ત સંતના અનુરક્ત હૃદયની અમીરાત અનુભવવા મળી.

આમ ૨૬ મી જાન્યુઆરીએ પાંચસો આદિવાસી બાળકોને

સ્વર્ગારોહણ પધારવા મળેલું નિમંત્રણ એ કોઈ સાધારણ ઘટના ન હતી, સ્વયં 'મા' જગદંબાએ પોતાના સ્નેહ અંકમાં ખેલવા એમને તેડ્યા હતા એટલે દરેક સ્થૂળ સામગ્રી—પ્રસાદી પાછળ 'મા' પ્રભુનો સૂક્ષ્મ અનુગ્રહ પામવા એ બાળકો સદ્‌ભાગી બન્યા એ સૃષ્ટિના અધ્યાત્મ—ઈતિહાસની એક અસાધારણ ઘટના હતી. અને એટલે જ 'સ્વર્ગારોહણે' એ પ્રજાસત્તાક દિન 'મા' સર્વેશ્વરીસત્તાક અર્થાત્ પ્રભુસત્તાકનો સમાંતરે સહજ રીતે બાળસત્તાક દિનનું ગૌરવ પામ્યો.

બાળકોનો થોડી ક્ષણોનો રાજીપો પરમ પૂજ્ય 'મા' જેવા કરુણાસભર સંતોનો 'શાશ્વત રાજીપો' બની રહે છે બાળક તો ખેલીને ભૂલી જાય પણ 'મા'ના મન—હૃદય—અંતરમાં બાળક-ના એક સમય ખેલવાની પ્રસન્નતા સર્વકાળની પ્રસન્નતા બની જાય છે.

પરમ પૂજ્ય 'મા' આ અને આવા અદ્‌ભુત 'સેવાયજ્ઞ'ના આયોજન દ્વારા 'સેવાતત્પર હૃદયો' અને "સેવાની જેને સૌથી વિશેષ જરૂર છે એવાં હૃદયો વચ્ચે એક સદા એવો 'સ્નેહસેતુ' રચે છે કે જે સેતુ સદા અતૂટ રહે. 'પરસ્પર દેવો ભવ'નો મંત્ર પ્રસારી રહે."

આવો 'લોકમંગલયજ્ઞ' સુંદરમાં સુંદર રીતે સંપન્ન થયા પછી પણ આ આદિવાસી બાળકો આપણી પાસે લિખિતંગ કર્યા વિના એક વિજ્ઞપ્તિપત્ર જાણે આપતા જાય છે :

'અમને ખપે છે વરસાદી મોસમ,
માવઠા જેવું વરસતા આપ સૌ.'

જો કે, કેવળ પ. પૂ. 'મા' જેવા સંત કહી શકે : 'આ તો અષાઢની પ્રથમ વર્ષા છે, ચોમાસું તો બાકી છે.'

આ પાંચસો બાળદેવતાઓનાં દર્શન પછી આપણને એટલું



તો પ્રતીત થવું જ જોઈએ કે—

'ખુદાના ચહેરા પર નકાબ નથી,
આપણી જ કમનિગાહી છે.'

આ બાળકો આપણને જાણે શીખ આપતા ગયા કે, "'મા'નો પ્રેમ પામવા કેવળ બાળક બની રહો. તો તમે અમારી જેમ ગમે તેવા જંગલમાં, આદિવાસી—ગમાર—પ્રાકૃત-રૂપે હશો તો પણ 'મા' તમને ખોળી કાઢશે, તમને એના આંગણે તેડશે અને કલ્પી પણ નહિ હોય એવી ભેટસોગાદોથી તમને નવાજશે. અને તમે કવિ શોભિત દેસાઈની જેમ કહી ઊઠશો :

'શા માટે અમે અન્ય થઈને જીવીએ,
જે છીએ તે ધન્ય થઈને જીવીએ.'

કોઈ ઉપાધિ, કોઈ ડીગ્રી, કોઈ જ્ઞાન—પાંડિત્ય વિદ્વતતાની જરૂર નથી 'મા' પાસે જવા, જરૂર છે કેવળ તમારા હોવાની એને ખપે છે. તેમાં નિરાવરણ, નિખાલસ, ભોળા, નિષ્પાપ 'સ્વરૂપ એને પ્રેમ કહો, ભક્તિ કહો કે કેવળ ભાવ' ગમે તે નામ આપો.

પછી તમે પણ અમારી જેમ ગાઈ શકશો :

'અમે છીએ ગાગર જરાક અમથી,
પણ અમે સાગરનો પ્રાસ છીએ.'"

# સ્ત્રી ગૃહસ્થી સંત મહાયોગિની બહિણાઈ

સંકલન : નારાયણ હ. જાની

મહારાષ્ટ્રમાં સત્તરમા સૈકામાં થઇ ગયેલ આ મહાન સ્ત્રી સંત તેમ જ યોગિની વિષે આપણે લગભગ કશું જ જાણતા નથી. અરે, એમનું નામ પણ સાવ અપરિચિત જેવું અને બોલવામાં થોડી કઠણાઈ અનુભવાય એવું લાગે છે.

મહારાષ્ટ્રનાં જે બે મહાન સ્ત્રી સંતો વિષે આપણે જાણીએ છે તેઓનાં નામ છે જનાબાઇ અને મુક્તાબાઇ. આ બંને અવિવાહિતા હતાં, જ્યારે બહિણાઈ પરણેલાં ગૃહસ્થી હતાં એટલું જ નહિ, તેમને સંતાનો પણ હતાં.

આ સંત બહિણાઈની વિશેષતા એ છે કે તેઓએ પોતાનો આત્મવૃત્તાંત લખ્યો છે તે જ તેમની આત્મકથા છે. જેમાં તેઓએ પોતાના પાછલા બાર જન્મોનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે. આ ઉપરથી લાગે છે કે તેઓ ખરે જ એક મહાયોગિની હતાં. ભારતના સ્ત્રી સંતોના ઈતિહાસમાં આવું પૂર્વજન્મોનું જ્ઞાન ધરાવતા બીજા સ્ત્રી સન્તનો જોટો મળવો મુશ્કેલ છે.

જનાબાઇ અને મુક્તાબાઈનું એ સૌભાગ્ય હતું કે તેઓના સાધનાકાળમાં દીર્ઘસમય પર્યંત તેઓને તેઓના ગુરુનું પ્રત્યક્ષ સાન્નિધ્ય પ્રાપ્ત થયું હતું. એવું તો કંઇ બહિણાઈના જીવનમાં ન હતું. ઉલટું પરીણિત હોવાને નાતે તેઓને પોતાનું ગૃહસ્થી જીવન ચલાવવાનું હતું, જેમાં પતિની ઈચ્છા જ સર્વોપરી હોઇ, તેઓને પોતાના આત્મિક વિકાસ માટે ભક્તિ કે જ્ઞાન-પ્રાપ્તિ માટે કશું કરવાનો અવકાશ જ ન હતો. એક સામાન્ય



પરીણિત સ્ત્રીની જેમ પોતાની આંતરિક ઈચ્છા વિરુદ્ધ—પોતાના પરીણિત જીવનની ફરજો બજાવતાં રહેવાનું હતું.

### જન્મ અને વિવાહ

તેઓના આત્મ—નિવેદનમાંથી તેઓના જન્મ વગેરે વિષે જે વિગતો મળે છે તે આવી છે. તેઓના પિતાનું નામ આઓજી અને માતાનું નામ જાનકીબાઇ હતું. આ બ્રાહ્મણ પરિવાર ભક્તિભાવવાળો ને ભગવાન શંકરનો ઉપાસક હતો. એવું મનાય છે કે ભગવાન શંકરની કૃપાના ફળરૂપ આ કન્યારત્ન તેઓને પ્રાપ્ત થયું હતું. તેમનો જન્મ ઇ. સ. ૧૬૨૮ માં—અજન્ટા—ઈલોરા ગુફાઓ પાસેના દેવગામમાં થયો હતો.

આ દીકરીની જન્મકુંડલી બનાવતાં માલૂમ પડ્યું કે તે પોતાની આખી જિંદગી ભગવત્ ચિંતનમાં ગાળશે. પરંતુ તે વખતની સામાજિક રૂઢિઓને લક્ષમાં લઇ પિતા આઓજીને માત્ર ત્રણ વર્ષની આ દીકરીનાં લગ્ન **૩૦ વર્ષના** શ્રી રત્નાકર પાઠક નામના વિધૂર સાથે નક્કી કરી દીધાં શ્રી રત્નાકર પાઠકના કુળમાં શક્તિ ઉપાસના અને વેદોના અધ્યયનની પરિપાટી હતી. એથી તેઓ મહારાષ્ટ્રમાં પ્રચલિત વારકરી, સંપ્રદાયની વિરુદ્ધ હતા. તેથી ભક્તિમાર્ગને તેઓ નિરર્થક માનતા, એટલું જ નહિ પરંતુ તે અંગે ખૂબ કટ્ટર હતા. વળી તેઓ સ્વભાવે ખૂબ જ ક્રોધી હતા. તેથી તેઓને પોતાની આજિવિકા ચલાવવામાં પણ મુશ્કેલી પડતી.

સંત બહિણાઈએ પોતે જ પોતાના આત્મનિવેદનમાં આ પ્રમાણે નોંધ્યું છે. “મારા પતિ ક્રોધના સાક્ષાત્ અવતાર જેવા હતા. તેઓ મને એક પળભરનું પણ એકાન્ત ન મળવા દેતા.

પુરાણોમાં સાંભળેલું કે સૌથી વધારે ક્રોધી જમદગ્નિઋષિ હતા. મને મારા જીવનમાં આ પતિસ્વરૂપે જમદગ્નિઋષિ જ મળ્યા એમ લાગ્યું'' તેઓની આ નોંધ પરથી એ સ્પષ્ટ લાગે છે કે તેઓ અને તેમના પતિ વચ્ચે શારીરિક, માનસિક અને બૌદ્ધિક ત્રણે સ્તરે કેટલું બધું વિસંવાદીપણું હતું. આ ભયંકર વિસંવાદીપણું એમના સમગ્ર જીવનમાં પ્રખર સંઘર્ષનું કારણ બની રહેતું.

### ગૃહસ્થીપણું અને પરમાર્થ

પરીણિત સ્ત્રી માટે જવાબદારીઓ ઉપરાંત બંધનો પણ ખૂબ વધી જાય છે, તેથી તેને માટે તેનો પતિ, પરિવાર અને ઘર—આ ત્રણમાં જ એનું સારું વિશ્વ સમજાય. આ સિવાય એની બહાર એનું કોઇ સ્થાન જ નથી હોતું. તેમાં આ તો સત્તરમી સદીનો રૂઢિચૂસ્ત સમાજ—જેમાં સ્ત્રીઓ ઉપર અસંખ્ય બંધનો. પરંતુ બહિણાઇ તો જન્મથી વિરક્ત હતી. એની ઉમ્મરની બીજી બાલિકાઓ ઘરઘરની રમતો રમતી ત્યારે તેને કોઇ ખૂણાના એકાંતમાં બેસી ભગવાનનું નામ લેવાનું ગમતું. બીજી છોકરીઓને દાંડિયા રાસ કે ફેરફુદડી જેવી રમતોમાં રસ પડતો, ત્યારે બહિણાઇને મનમાં શાન્તિ રાખી, એકાંતમાં બેસવું જ ખૂબ સારું લાગતું.

સંત મુક્તાબાઈને માટે જે રીતે પોતાનું સ્ત્રી જીવન ભૂલવાનું શક્ય બન્યું, તે રીતે બહિણાઇ માટે શક્ય ન હતું. બંનેની પરિસ્થિતિઓ ને વ્યક્તિત્વ જુદા જુદા પ્રકારના હતાં.

બહિણાઇ નાનપણથી વિરાગી હતી, છતાં તેને પ્રાપ્ત થયેલ સ્ત્રી શરીરને કારણે ભોગવવી પડતી વેદનાની ફરિયાદ તેણે પોતાની રચનાઓમાં કરી છે.



''મને પ્રાપ્ત થયેલ સ્ત્રી શરીર સર્વપ્રકારે પરાધીન છે, હું ઇચ્છું તોપણ આ શરીરને ભોગવવાથી અલિપ્ત રાખી શકતી નથી; જો કે આ શારીરિક ભોગોને હું શત્રુસમાન લેખું છું, પણ મારું સાંભળે છે કોણ? મારી ચિન્તા કોને છે? પાછલા જન્મમાં કરેલાં પાપકર્મોના ફલસ્વરૂપ આ સ્ત્રીદેહ મને મળ્યો છે. તેને કારણે હું મારા ભગવાનને મળી શકતી નથી.''

તેના પતિનો શારીરિક ભોગો પ્રત્યેનો લગાવ અને બીજી બાજુ એ ભોગો પ્રત્યેનો બહિણાઇનો વૈરાગ્ય ને તિરસ્કાર—એને લીધે પતિ—પત્ની વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરતો. પરિણામે પતિ કોઇવાર સાધુ થઇ જવાની ધમકી આપતો, તો બહિણાઇ બેચેન બની જતી, તે ખરે જ એક પતિવ્રતા સ્ત્રી હતી એટલે કહેતી કે ''જો પતિ મારો ત્યાગ કરી જશે તો હું પ્રાણ આપી દઇશ. આ પતિના ચરણામૃત લીધા વિના હું અન્નગ્રહણ ન કરી શકું અને એના દર્શન વિના દિવસ વ્યતિત કરવો મારે માટે શક્ય નથી. જો કે ગુરુની આજ્ઞા હું મારે મસ્તકે ધારણ કરું છું, છતાં પતિ તો મારે મન બ્રહ્મ સ્વયં છે.''

એક બાજુ પતિ પ્રત્યેનો તેનો આ દૃષ્ટિકોણ પરંપરાવાદી ભારતીય સતી સ્ત્રી જેવો છે, તો બીજી બાજુ આધ્યાત્મિક પૂર્ણતા માટે મથતા સાધક જેવો છે. પતિવ્રતારૂપમાં તે જીવનનો સ્વીકાર કરે છે અને એની વેદના તેમ જ દુઃખ છૂપાવતી નથી. લાગે છે કે તેણે વિચારપૂર્વક વાસ્તવિક જીવન સાથે, સંઘર્ષ છતાં સમજૂતી કરી લીધી છે. જો કે આમ કરવા તેને કોઇએ આદેશ આપ્યો નથી. તો એ વાત પણ એટલી જ સત્ય છે કે એમ કરતી વખતે તેણે પોતાની આંતરિક સાધનાનો ભોગ પણ આપ્યો નથી. વ્યાવહારિક જીવનની કેટલીક શરતો તેણે ભલે સ્વીકારી,

પરંતુ પોતાના જીવનના પરમ ઉદ્દેશથી તે જરાય પાછી નથી હઠી. તેણે પોતે નોંધ્યું છે કે "હે દીનબંધુ, મારા પતિના હાથોથી તું મારા દેહને ભલે પીડા દેતો રહે, પરંતુ મેં નિશ્ચય કરી લીધો છે કે ભલે મારા પ્રાણ ચાલ્યા જાય, પણ હું તારું નામ તો નહિ જ છોડું. આ શરીર તો એક દિવસ નષ્ટ થવાનું જ છે, પણ જ્ઞાનદૃષ્ટિથી તમારું અનન્ત સ્વરૂપ જોવાની મારી ઇચ્છા કદી નષ્ટ થવાની નથી. તમારી ભક્તિની સાથે સાથે જ હું મારા સ્વધર્મનું પાલન કરતી રહીશ અને જ્ઞાનદ્વારા તમારા સ્વરૂપનું દર્શન કર્યા સિવાય જંપીશ નહિ."

આમાં બહિણાઈનો પ્રભુપ્રાપ્તિનો દૃઢ સંકલ્પ છતો થાય છે. એની ખરી મુશ્કેલીનું કારણ તેના પતિનો ભક્તિ વિરોધી દૃષ્ટિકોણ છે, જ્યારે તે એક ભક્ત જીવ છે, જે મનથી સતત પ્રભુને ભજતો રહે છે, વળી તેને વિશ્વાસ છે કે એકવાર પ્રભુપ્રાપ્તિની કરેલી તીવ્ર ઇચ્છા કદી મરતી નથી, પછી ભલે શરીરો બદલાતાં રહે. અંતે તે સિદ્ધ થઈને જ રહે છે.

### ગુરુની મુલાકાત

બહિણાઈ નાની હતી ત્યારે તેણે સંત તુકારામના અભંગો સાંભળેલા. તે તેને યાદ રહી ગયેલા. મનોમન તે ગાયાં કરતી. આ અભંગોનું આંતરિક ગાન ચાલ્યા જ કરતું. એમ તે એના જીવન સાથે એકરૂપ થઈ ગયું. પરિણામે તુકારામને તેણે પોતાના ગુરુ તરીકે સ્વીકારી લીધા. તેમના પ્રત્યેની બહિણાઈ-ની આંતરિક ભક્તિ એવી પરાકાષ્ટાએ પહોંચી કે સંત તુકારામનું સ્વપ્નમાં તેને દર્શન થયાં કરતું. તો ઘણીવાર મુશ્કેલીમાં તેઓ આ ભક્તને માર્ગદર્શન પણ આપતા. ઘરમાં તો આ વાત પ્રગટ કરાય એમ ન હતી. એથી બહિણાઈનું ગુરુ



સાથે આંતરિક અનુસંધાન દૃઢ થતું ગયું. પરંતુ ગુરુનું પ્રત્યક્ષ દર્શન શક્ય ન હતું. તેઓ પૂના પાસે દેહૂમાં હતા. પણ ત્યાં જવા બહિણાઈ સ્વતંત્ર ન હતી. તેનો જીવ તેમની પાસે જવા તડપતો પણ શી રીતે જાય?

રત્નાકરને ભક્તો અને સંતો પ્રત્યે ભારે અણગમો ને દ્વેષ હતાં. તે ઘણીવાર તેમની ખરાબ શબ્દોમાં નિંદા ટીકા કરતા. તે બહિણાઈને પણ સતાવવામાં ક્યાંય કસર ના છોડતા. શંકા કરવી, મારવું ને સંતોની નિંદા ટીકા કરવી—એ એનો સ્વભાવ બની ગયો હતો.

એકવાર એમણે તુકારામ મહારાજની ભારે નિંદા કરી. તે પછી અચાનક જ તેમના શરીરમાં બળતરા ઉપડી. તે કેમેય શાન્ત ન થાય. ઘણા ઉપાય કર્યા પણ ના મટી ત્યારે અચાનક એક બ્રાહ્મણે તેમના શરીરે હાથ ફેરવ્યો ને બળતરા સાવ મટી ગઈ! હવે રત્નાકર કહેવા લાગ્યો કે સંત તુકારામે જ મારી બળતરા મટાડી.

આ પછી બહિણાઈ સાથેનો એનો વ્યવહાર બદલાઈ ગયો. તેને પોતાને જ સંત તુકારામના દર્શન કરવાની ઇચ્છા થઈ. તેથી પત્નીને લઈને તે દેહૂ ગયો. બહિણાઈની તપ, તિતિક્ષા અને ત્યાગનું જાણે આ ફળ હતું. દેહૂના વિઠ્ઠલમંદિરમાં તુકારામ મહારાજનાં દર્શન કરતાં જ બહિણાઈ આનંદવિભોર થઈ ગઈ! એનું જીવન ધન્ય થઈ ગયું લાગ્યું. તેણે લખ્યું છે કે જે મૂરતને—મેં કોલ્હાપુરમાં સ્વપ્નમાં જોઈ હતી, તે આજે મારી આંખોની સામે છે. એનો જે આનંદ છે તે મારી આંખોથી ટપકી રહ્યો છે.

# ✳ પ્રતીક્ષા ✳

અમારે ક્યાં લગ કરવી પ્રતીક્ષા?
અનુગ્રહ—યોગ દીસે આવ્યો તો—
દે દો દર્શન—ભિક્ષા. અમારે૦

આશા—તંતુ ક્ષીણ થતો ને,
બનતી અસહ તિતિક્ષા!
અવલંબનની આવી અવધિ,
આત્મન્ ઝંખે દીક્ષા. અમારે૦

ક્ષીણ થતો શ્રદ્ધાનો દીપક,
વાટ બળી, ઘૃત ખૂટ્યાં!
આવ્યો ઓરો અન્તકાળ પણ,
પામ્યા ન પાકી શિક્ષા! અમારે૦

દે દો દર્શન—ભિક્ષા,
અમારે ક્યાં લગી કરવી પ્રતીક્ષા?
દે દો, દે દો, દર્શન—ભિક્ષા. અમારે૦

અમારે ક્યાં લગ કરવી પ્રતીક્ષા?

— અનામી.



# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા—**
**હવાઈનથી લોસ એંજલસ દિવસ—૨૦, તા. ૨૭—૫—૦૫**

રાતે ૮—૩૦ હવાઈન રાજ્યના હોનોલુલુ એરપોર્ટથી પ્લેનમાં બેઠાં. લોસ એંજલસ હવાઈન કરતાં ૩ કલાક આગળ છે.

એટલે લોસ એંજલસની ઘડિયાળમાં તા. ૨૭ મીના ૫ મળસ્કે થયા છે. સુરક્ષિત રીતે શ્રી હરિ સૌને લોસ એંજલસના એરપોર્ટ ઉપર ઉતારે છે.

આવીને એકાદ પૃષ્ઠની નોંધ કરી છે. પછી સ્નાન ને પછી લાંબો વિશ્રામ પછી પાછી ત્રણ વાગ્યાથી નોંધ શરૂ થઇ છે.

અહીંથી યાત્રા પ્રારંભ પામી હતી. તા. ૭—૫—૦૫ આજે તે યાત્રા તા. ૨૭—૫—૦૫ પૂર્ણાહુતિ ઉપર પહોંચી છે.

૧૯ દિવસ જાણે ઘણી ઝડપથી વીતી ગયા. આનંદના, પ્રસન્નતાના દિવસોને જાણે પાંખ ફૂટે છે ને ક્ષણવારમાં તો તે ઊડી જાય છે.

મન પ્રસન્ન તો તન પ્રસન્ન. પણ હરિપ્રસન્ન તો જ સમગ્ર સૃષ્ટિ પ્રસન્ન. ૧૯ દિવસ શ્રી હરિ પ્રસન્નતાનું સ્વરૂપ સજી સજીને સૌમાં પથરાઇ ગયા હતા.

એમ તો હરિ સમગ્ર સૃષ્ટિમાં પ્રસન્નરૂપ ધરીને સૌની સેવા કરી જ રહ્યા છે, પણ કેટલેક સ્થળે તે વધુ પ્રસન્ન જણાય છે. પાત્રની પસંદગી એની. પ્રસન્નતાનું પ્રમાણ પણ એનું. એ ધારે

ત્યારે ધારે તે રૂપમાં પ્રસન્નતા પાથરી શકે છે. સઘળું એના જ હાથમાં છે.

શ્રી હરિ તો આ **મા**ની હરતે ફરતે. હા. સતત જાણે એનું સ્મરણ. એના ઉપકારોનું સ્મરણ. એના પ્રભાવનું સ્મરણ. એના સર્જનનું સ્મરણ.

હરિ વિના જાણે આ જગતમાં કોઇનું અસ્તિત્વ જ નથી એવું કંઇક સમજાઇ રહ્યું છે.

ધારેલી યોજના યાત્રાની શ્રી હરિએ પાર ઉતારી. આ યાત્રા સર્વ રીતે સુવિધાથી સજ્જ હતી.

૨૧ દિવસની યાત્રામાં ૧૩ વાર તો પ્લેનમાં યાત્રા થઇ. જાણે હવાઇયાત્રા. એક સ્થળેથી બીજે સ્થળે જવા એ સુવિધા જ લેવી પડી. અહીં આ સુવિધા માટે જ યાત્રા ન હતી. યાત્રાનો એ એક માર્ગ હતો.

(૧) લોસ એંજલસથી ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ).
(૨) ઓકલેન્ડથી ક્રાઇસ્ટ ચર્ચ.
(૩) ક્વીન ટાઉનથી રોટોરવા.
(૪) ઓકલેન્ડથી મેલબોર્ન (ઓસ્ટ્રેલિયા).
(૫) મેલબોર્નથી સીડની.
(૬) સીડનીથી હોનોલુલુ (યુ.એસ.એ.) હવાઇન.
(૭) લોનોલુલુથી ક્વાઇ (ટાપુ નં.—૧).
(૮) ક્વાઇથી હોનોલુલુ.
(૯) હોનોલુલુથી માવી (ટાપુ નં.—૨).
(૧૦) માવીથી હોનોલુલુ.
(૧૧) હોનોલુલુથી બીગ આઇલેન્ડ (ટાપુ નં.—૩).
(૧૨) બીગ આઇલેન્ડથી હોનોલુલુ.



(૧૩) હોનોલુલુથી લોસ એંજલસ.

૨૧ દિવસમાં ઘણાં સ્થળો આવરી લેવાયાં છે. દરેક નાની યાત્રામાં પણ નિયમિત બસ મળી. અનુકૂળ બસના ચાલક મળ્યા. ટૂર ગાઇડ પણ અનુકૂળ. બધું જ સરસ રીતે પાર પડ્યું.

રાતે ૮ થી ૧૦ાા યાત્રીઓને મળવાનું બન્યું. નિયમિત પ્રાર્થના પછી શ્રી સુશીલાબેન, શ્રી નીરૂબેને પોતાની રીતે યાત્રાને સરસ રીતે મુલવી.

શ્રી સુશીલાબેને યાત્રાની વિશેષતા વર્ણવતાં કહ્યું કે આ યાત્રામાં અજાણી વિદેશી વ્યક્તિઓ **મા**ને ઘણીવાર મળી ને આશીર્વાદ મેળવતી ગઇ, આ યાત્રામાં **મા** સૌને સરખો પ્રેમ, ત્યાં કોઇ સગાવાદ કે યજમાનવાદ ન હતો. યાત્રીઓએ બધા જ આદેશો શિસ્ત સાથે પાળી બતાવ્યા છે. **મા**ના વ્રતને સૌ નજીકથી જોઇ શક્યા. ૩૬ કલાક સુધી સતત સાથે રહીને માનું નિર્જળાવ્રત જોઇ શક્યા ને સાથે સતત સ્ફૂર્તિ પણ જોઇને શ્રદ્ધાભક્તિ વધારી શક્યા. અમારો ભોજનનો ક્રમ પણ ચૂકી જવાતો છતાં દરેક સ્થાને અમને એની પણ સરસ સગવડ મળી છે. આ યાત્રા મારે માટે એક સફળ કદી ના થઇ હોય તેવી હતી.

શ્રી નીરૂબેને **માયાબેન** જાપાનીઝ મળ્યા હતાં તેની વિગતે વાત કરી. હવાઇમાં પણ સૈનિકોની શાંતિ માટે પ્રાર્થના **મા**એ કરી તો તેમને શાંતિ મળી જ છે.

**મા** એક દૈવી શક્તિ છે. **મા** આપનો આભાર અમને યાત્રામાં સાથે લીધાં.

શ્રી શારદાબેન કહે **મા** જ્યાં પણ ગયાં, જે સ્ટોરમાં કે જે

સ્થળમાં ત્યાં ત્યાં તે ન્યાલ થઇ ગયા. ફરી આવી યાત્રા કરાવજો.

શ્રી વિમળાબેન કહે અમે કદી આવી એકલાં યાત્રા ન કરી શકીએ. **મા**ની કૃપા ને આશીર્વાદથી બધું જ સરસ રીતે ગોઠવાયું હતું. યાત્રા સરસ રહી.

આજે ૧૬ યાત્રી ને બીજા ૧૪ ભાઈબેનો **મા**ને મળે છે. ૧૦૮ પ્રણામ યાત્રાની સફળતાના સૌએ **મા** સાથે કર્યા છે. શ્રી બલસારાનાં પત્ની શ્રી અરૂણાબેન પણ મળે છે. તેઓ વધુ અભ્યાસ માટે થાઈલેન્ડ જાય છે. **મા** આશીર્વાદ આપો ને આપ થાઈલેન્ડ આવો.

મોડી રાત થઇ ગઇ. લગભગ ૧૧—૩૦ થઇ ગયા. સત્સંગ પછી સૌ મળે છે. વળી, વિનોદભાઇ—સરોજબેન પણ મળે છે. પંકજે પાડેલા ફોટાઓ પણ જોયા.

આ નોંધ કરી. રાતે ૧ વાગી ગયો છે. દિવસે આરામ થઇ ગયો છે. મંત્રજપ બાકી છે.

હે હરિ, આપની અનંતકૃપા અખંડ આશીર્વાદથી આ જીવન જીવાય રહ્યું છે.

આખી યાત્રામાં મંત્રજપ થયા છે. આવતીકાલથી દરરોજ-ના ૨૭૦ પ્રણામ શરૂ થશે.

યાત્રાની કેટલીક માહિતી ઉપરની નોંધ બાકી છે જે હવે પછીના પૃષ્ઠોમાં જોવા મળશે.

આ યાત્રામાં પૂ. શ્રી તથા શ્રીકૃષ્ણ પ્રભુ નવા સ્વરૂપે હતા. એ બંનેએ સાથે મળીને યાત્રાનું આયોજન સફળ કર્યું. ૧૯૯૮ ના અકસ્માતમાં બન્ને સ્વરૂપોને ઈજા પહોંચી હતી. ૨૦૦૫ મે માસમાં નવા સ્વરૂપો તૈયાર થયાં ને તેમણે આ



યાત્રાનો સઘળો ભાર વહન કર્યો.

એ સ્વરૂપો કેવી રીતે નવાં થયાં, ક્યાં કેવી રીતે આવ્યા ને તેને તૈયાર કરવામાં કોણે કેવો ભાગ ભજવ્યો તેની વાત પણ નોંધવા જેવી છે.

સ્વર્ગારોહણમાં એપ્રિલમાં શ્રી સિદ્ધાર્થભાઇ મળે છે. **મા** તેમને શ્રી કૃષ્ણભગવાનનું નવું સ્વરૂપ બનાવવાની વાત કરે છે. તેઓ કહે છે હા મા, એ તો આપ અમદાવાદ પધારો ત્યારે એક જ દિવસમાં સ્વરૂપ તૈયાર થઇ જશે.

**મા** વિદેશ આવવા સત્યપથ માત્ર બે દિવસ માટે જ જાય છે. શ્રી સિદ્ધાર્થભાઇએ સાચે જ માત્ર એક જ દિવસમાં ભગવાન શ્રીકૃષ્ણનું **મા**એ પસંદ કરેલું સ્વરૂપ કોતરણી કરાવીને તૈયાર કરાવી દીધું.

શ્રી સિદ્ધાર્થભાઇની એ સેવા નોંધપાત્ર છે. **મા** તે સ્વરૂપ વિદેશ લાવે છે. **મા**ની ઈચ્છા આ નવા સ્વરૂપ યાત્રામાં સાથે રહે એવી છે. પરંતુ પૂ. શ્રીનું સ્વરૂપ હજી તૈયાર નથી.

ન્યુ જરસી આવીને શ્રી વિનોદભાઇ ખાસ પૂ. શ્રીનાં નવાં સ્વરૂપો કઢાવે છે. **મા** તેના નમૂના જુએ છે. પાછાં નવા સ્વરૂપો નવા નમૂના જુએ છે. છેવટે એક પસંદ થાય છે.

તેમાંથી ૨ સ્વરૂપો પોષ્ટમાં શ્રી સિદ્ધાર્થભાઈને અમદાવાદ મોકલ્યાં. ચાર દિવસમાં તેમને તે સ્વરૂપો મળી ગયાં. તરત જ તેમણે તેને કોતરણી કરાવીને વડોદરા પહોંચાડ્યાં.

વડોદરાથી તે જ દિવસે સાંજે શ્રી સરોજબેન ભાવસાર ન્યુજરસી આવવા નીકળવાનાં હતાં તો તેમની સાથે તે સ્વરૂપો ન્યુજરસી આવી ગયાં.

ન્યુજરસીથી પાછાં એરપોર્ટ ઉપરથી જ પોષ્ટમાં લોસ

એંજલસ શ્રી રાજુયાત્રીએ મોકલ્યાં.

તે અહીં મળી ગયાં. એટલે તા. ૬ ઠ્ઠી બપોરે ૧૨ વાગે **મા** પાસે આવી ગયાં.

એ સ્વરૂપોને પેલા બોક્ષમાં મઢવાનું કાર્ય શ્રી વિનોદ-ભાઈએ એકલા હાથે બપોરે ૧૨ થી સાંજે ૫ વાગ્યા સુધીમાં પૂર્ણ કર્યું.

સતત ૫ કલાકનો પરિશ્રમ શ્રી વિનોદભાઈએ કરવો જ પડ્યો, કારણ આવતી કાલે તો યાત્રા શરૂ થશે.

શ્રી વિનોદભાઈ કુશળ કલાકાર છે. આ જ સુધીનાં બધાં જ બોક્ષ જેમાં **મા** સ્વરૂપો રાખે છે તે સ્વરૂપો ને તે બોક્ષ શ્રી વિનોદભાઈ જાતે જ તૈયાર કરે છે. વરસોથી ઘરે જ, જાતે જ ઈલેક્ટ્રીક સાધનોવડે તે જાતે જ કોતરણી પણ કરતા હતા. બોડી પણ જાતે જ બનાવે. સરસ આકારમાં આજ સુધી ઘણાં બોડી બનાવ્યાં.

આ નવા સ્વરૂપમાં પણ કેટકેટલાની સેવા નોંધપાત્ર રહી. શ્રી વિનોદભાઈ, શ્રી સિદ્ધાર્થભાઈ, શ્રી સરોજબેન ભાવસાર, શ્રી રાજુભાઈ યાત્રી અને જેમણે આ કોતરણી અમદાવાદમાં કરી તે કારીગરો—સૌનો સહયોગ હતો તો આ સ્વરૂપો તૈયાર થઈ શક્યાં.

પ્રભુની જ એ યોજના હતી. તો જ એ આટલા ઓછા સમયમાં સમયસર મળી જાય. ને તેયાર થઈ જાય.

આ સ્વરૂપોએ આ યાત્રા કરાવી છે. અરે, એ બંનેને ૨૧ દિવસ પોતાની જ સૃષ્ટિનું દર્શન કરવું હતું. તો જ તેઓ બંને વારાફરતી વિદેશ પધાર્યાં, છતાં સાથે જ યાત્રા કરીને ૧૭ યાત્રીઓને પણ શ્રી હરિએ સાથે લીધા.



આ તો હરિયાત્રા હતી કે સર્જનદર્શન—યાત્રા હતી.

યાત્રામાં બન્ને સ્વરૂપો હતાં. બંન્નેએ મળીને ૧૭ ને પણ સંભાળ્યા. ને યાત્રા સફળ થઈ.

હે હરિ, આપને પ્રણામ—પ્રણામ—પ્રણામ.

હવાઈનના ૮ ટાપુ છે. ચાર ટાપુ જોવા જેવા છે. ઓઆહુ, માવી, કવાઈ, બીગઆઈલેન્ડ.

હવાઈનના ઓઆહુ ટાપુનું જાણીતું એરપોર્ટ હોનોલુલુ છે.

અહીં ઉતરતાં જ અલોહા—મ્હાલો શબ્દ સાંભળવા મળે.

પછી તે ઓફિસર હોય કે બસ ડ્રાઈવર હોય કે સ્ટોર હોય કે મોટલ હોય. દરેક જણ લગભગ આ બે શબ્દો તો બોલે જ.

પ્રાદેશિક ભાષાનું કેટલું બધું મહત્ત્વ આખાયે રાજ્યમાં છે. આપણે તો ગુજરાતી બોલતાં શરમાઈએ છીએ. થેંક્યું ને ગુડબાય બોલવામાં આભાર કે આવજો ભૂલી ગયા છીએ. અંગ્રેજી બોલવામાં ગૌરવ અનુભવીએ છીએ. આ કરુણતા કઠે તેવી છે.

હવાઈન પ્રજા સૌને અ—લોહા કેવી રીતે બોલવું તે શીખવે છે.

અલોહા અને મ્હાલો બે જાણે આ પ્રજાના પ્રાણપ્રિય મંત્ર છે. આવો અને આભાર પ્રવાસીઓને પણ શીખવાડી દે છે.

પ્રાદેશિક ભાષાનું ગોરવ આપણે પણ હવાઈન પ્રજા પાસે શીખવા જેવું છે.

હવાઈન પ્રજાએ જ્વાળામુખી કે દરિયાઈ ધરતીકંપ જોયા છે. અતિ વરસાદ પણ જોયો છે.

કુદરતના એ ત્રણ તત્ત્વોને તેમણે ધર્મના નામે સન્માન્યા છે.

અગ્નિ દેવી છે. જળ પણ દેવી છે અને વરૂણ (વરસાદ) એ બંને દેવીઓના ભાઇ છે. એ ત્રણેનું આપણે સન્માન કરવું જોઇએ.

જેટલું એને સન્માન આપી એની મર્યાદા જાળવીશું તેટલું જ તે આપણને સાચવશે.

એટલે સમુદ્ર કિનારે પથરાયેલી રેતી કે પથ્થરો પણ ના લઇ જવાય. અને એ રીતે મર્યાદા પાળે છે.

પાણી સાથે પણ રમત ના રમાય. એ રીતે એને સન્માન આપવાની વાત પણ તેઓ આચરી બતાવે છે.

ધરતીમાંથી આપણને ઘણું બધું મળે છે. માટે કોઇ એક દિવસે ધરતીને પણ થાળ ધરાવે છે. ૧૧,૦૦૦ ફૂટની ઊંચાઇ ઉપર પણ તેઓ એક દિવસ નક્કી કરે છે તે દિવસે સૌ ત્યાં ભોજન મૂકી આવે છે.

સમુદ્ર કિનારે કેટલીક જગ્યાએ એક ઉપર એક પથ્થર ગોઠવીને નાની નાની થાંભલી જેવું કરે છે. તે પથ્થરને પવિત્ર માનીને ત્યાં ભોજન ધરાવે છે.

જે કંઇ આપણને ધરતી કે દરિયો આપે તેને આપણે પાછું આપવું.

આ હવાઇન પ્રજાની માન્યતા છે. જ્વાળામુખી એક દેવી છે. અને એ દેવી ઘણી વાર સુંદર નવયૌવના બનીને દર્શન આપે છે. ઘણી વાર એ દેવી વૃદ્ધાનું રૂપ ધરે છે. તો ઘણીવાર તે દેવી સફેદ વસ્ત્રોમાં પણ દર્શન આપે છે.

એ દેવી ઉપરની નાની પુસ્તિકા પણ મળે છે.

આપણા શાસ્ત્રોએ અગ્નિદેવ, જળદેવતાનો સ્વીકાર કરી પ્રકૃતિની પૂજાની વાત હજારો વરસ પહેલાં કરી જ છે.



અહીં ચંપાનાં સુગંધિત પુષ્પો જ્યાં ને ત્યાં સતત જોવા મળે. રસ્તા ઉપર કે લોકોના ઘરોના કમ્પાઉન્ડમાં કે જોવા-લાયક દરેક સ્થળો ઉપર સુગંધિત પુષ્પો જોવા મળે છે.

જાણે સમગ્ર સૃષ્ટિની દુર્ગંધને વળાવવા પ્રભુએ અહીં ચંપાનાં ફૂલો માનવની સેવામાં પ્રગટાવ્યાં છે. સુગંધે જાણે પોતાનું સામ્રાજ્ય ચંપા ને **ગાર્ડીના** પુષ્પોથી હવાઇન ટાપુઓને સજાવવા—સુગંધિત કરવાનો પ્રયત્ન કર્યો છે.

ઓસ્ટ્રેલિયામાં રોડ ઉપર બસની ટીકીટના મશીનો મૂક્યાં છે. જેને જે દિશામાં જેટલું દૂર જવું હોય તેવી તે ટીકીટ લે છે.

આ મશીનો જોતાં થતું હતું આપણી પાસે પણ ટીકીટ છે. જ્યાં જવું હોય, જે રીતે જવું હોય, તેમાં આપણે સ્વતંત્ર છીએ. આ માનવશરીરથી પરમ પ્રદેશ જવું છે કે અધમ પ્રદેશ તરફ તે બંનેની શક્યતા—આ માનવશરીરમાં મળી છે. સ્વતંત્રતા છે જેને જ્યાં જવું હોય ત્યાં.

આ સૃષ્ટિના દરેક પદાર્થો—માનવ, પ્રકૃતિ કે પથ્થર દરેક કંઇક ને કંઇક સંદેશા ધરતા રહે છે.

ઊઘાડી આંખ રાખી પ્રકૃતિને કે માનવને કે પોતાની જાતને સતત જોયા કરો તો એમનું અસ્તિત્વ જ આપણાને સતત કોઇ નાની મોટી શિક્ષા—પદાર્થપાઠ ધરતું હોય છે.

એ સૃષ્ટિના સર્જક આપને પ્રણામ—પ્રણામ હો. હે પ્રભુ, આપનો આભાર. આપ અમને ક્ષમા કરી અંકે સ્વીકારો એ જ પ્રાર્થના.

(ક્રમશઃ)

# પ્રભુ સંપ્રાપ્તિનો માર્ગ

**સંકલન : નારાયણ હ. જાની**

(કર્મ કરતાં કરતાં જીવનમાં પ્રભુની સંપ્રાપ્તિ શી રીતે થઇ શકે? એ વિષયપર પૂ. શ્રી યોગેશ્વરજીએ આપેલ પ્રવચનનો સારભાગ.)

આજનો માનવ અજ્ઞાન કે અવિદ્યાને લીધે દુઃખી છે; કારણ કે જે વસ્તુઓ દુનિયામાં અસ્થાયી ને અનિત્ય છે, તેમાં તે આસક્તિ કરી બેઠો છે, તેમને તે પોતાની માની બેઠો છે. એટલે એ વસ્તુઓની સંપ્રાપ્તિથી એ સુખ માને છે, ને એમના વિયોગથી દુઃખ. પરંતુ જીવનમાં તમારા સ્વ કે આત્મા સિવાય બીજું કોઇ તમારું નથી. પ્રત્યેક જીવનમાં તમારો જે સનાતન સાથી છે, તે તો તમારો પોતાનો આત્મા છે. આ વાત ભૂલીને, અજ્ઞાનથી ઘર—બહાર, ધનસંપત્તિ કે પુત્રપરિવારમાં તે આસક્તિ કરી બેઠો છે, પરિણામે તેને સુખદુઃખનો અનુભવ થતો રહે છે.

આ સ્વની ઓળખ એ જ જીવનની ખરી સાધના છે.

વળી જીવનમાં દુઃખનું બીજું કારણ માણસનો પ્રભુથી વિચ્છેદ છે. માણસે પોતાના જીવનમાં સુખ ને આનંદની સંપ્રાપ્તિ કરવી હોય તો પોતાનો સંબંધ શ્રીપ્રભુ સાથે જોડવો જોઇએ, કારણ એ પ્રભુ જ સુખ ને આનંદના સાગરરૂપ છે. એટલે જો મનુષ્ય પોતાના જીવનનું સારથિપદ પ્રભુને સોંપે, પોતાનો સંબંધ નામસ્મરણ દ્વારા પ્રભુથી જોડે તો તેના જીવનમાં સુખ, શાંતિ ને આનંદનો સૂર્ય ઊગે. દુઃખ, વિષાદ ને વિપત્તિનાં વાદળો હટી જાય ને તેને કોઇ ક્લેશ કે કષ્ટ ન રહે. પરંતુ આજે આપણે આનાથી ઊલટું જ જોઇએ છીએ.



માણસ પોતાના સંબંધ, અનિત્ય વસ્તુઓ સાથે જોડી બેઠો છે, ને નિત્ય સુખ ને આનંદની અપેક્ષા રાખી બેઠો છે, તો તેની આ આશા કે અપેક્ષા ક્યાંથી ફળવાની?

આજે માણસ એટલો બધો બહિર્મુખ થઇ ગયો છે કે પોતાના સ્થૂળ શરીરને જ સર્વ કાંઇ સમજી બેઠો છે ને તેની જ આળ પંપાળમાં પડેલો છે. એ કદી વિચારતો પણ નથી કે આ સ્થૂલ શરીર જેનાથી ચાલે છે, આંખ જેનાથી જુએ છે, વાણી બોલે છે ને કાન સાંભળે છે—તે ચેતન તત્ત્વ કે આત્મતત્ત્વ જેવું પણ કંઇ છે ખરું!

શાસ્ત્રો કહે છે કે આ દેખીતા સ્થૂલ શરીરથી જુદું એવું સૂક્ષ્મ શરીર પણ છે જે માણસના મૃત્યુ પછી પણ આત્મની સાથે જાય છે. તે સ્થૂલદૃષ્ટિથી દેખાતું નથી. પરંતુ યોગીઓ એને જોઇ શકે છે. આ સૂક્ષ્મ શરીરની અંદર એક કારણ શરીર પણ છે. જે માણસના જન્મ મરણનું કારણ બને છે. માણસની વાસનાઓ, રાગદ્વેષો ને જન્માંતરના સંસ્કારોના સમુચ્ચયરૂપ આ શરીર છે. એટલે જ્યાં સુધી માણસ ઇચ્છા કે વાસના રહિત ન બને, કર્મફલની આશાથી મુક્ત ન બને, ત્યાં સુધી આ કારણ શરીરનો નાશ થતો નથી ને માણસના જન્મમરણના ફેરા ટળતા નથી.

માણસના કર્મનો ક્ષય ભોગવવાથી ને નવાં કર્મફળો ઉત્પન્ન ન થવા દેવાથી થાય છે. જો માણસ અનાસક્તભાવે કર્મો કરે તો નવો કર્માશય બંધાતો નથી.

માણસ ઘણીવાર ભગવાનની પૂજા, જપ, ધ્યાન વગેરે કરતો હોય છે, પરંતુ તેના વ્યાવહારિક જીવન ને પૂજાના ઓરડાના જીવન વચ્ચે સુમેળ હોતો નથી. એ એમ માનતો હોય છે કે ભગવાનની પૂજા—પાઠ વગેરે કર્યા પછી, વ્યાવ-હારિક જીવનમાં એ ગમે તેવો અસત્ય વ્યવહાર કરી શકે છે;

સત્ય, દયા, પ્રેમ, પવિત્રતા માનવતા નીતિ વગેરેનું આચરણ વ્યાવહારિક જીવનમાં ન કરે તો ચાલે. એ તો ધર્મના પાયાના મૂલ્યો છે. આપણા દેશમાં માણસ ધાર્મિક કહેવડાવે છે, પરંતુ ધર્મના પાયા રૂપ પ્રેમ, સત્ય ને દયાના મૂલ્યોનું આચરણ જીવનમાં કરવા પ્રત્યે ધ્યાન આપતો નથી; જ્યારે પશ્ચિમના દેશો, ભલે આપણા જેટલા ધાર્મિક ન દેખાતા હોય, છતાં માનવ તરીકેના પ્રેમ, દયા ને પરોપકારના ગુણોથી વધારે સંપન્ન છે. તેઓ પોતાના વ્યવહારમાં પ્રામાણિક હોય છે ને માનવતાના ગુણોથી સભર હોય છે. બીજાઓને ઉપયોગી થવાની તકો શોધતા રહે છે તે એને પોતાની ફરજ માને છે. એટલે આપણા દેશના માણસોએ માનવતાના ગુણો વિકસાવવાની તેમ જ બીજાને ઉપયોગી થવાની વૃત્તિ કેળવવાની જરૂર છે.

વળી માણસે પોતાના અંગત જીવનને બધા જ પ્રકારના દુર્ગુણો તેમજ વ્યસનોથી મુક્ત કરવાની આવશ્યકતા છે. તે સિવાય સાધના ફળતી નથી. એ માટે માણસે પોતાનું આત્મ નિરીક્ષણ સતત કરતા રહેવું જોઇએ ને પોતાનામાં જે જે દુર્ગુણો દેખાય તેમને દૂર કરવા માટે પ્રયત્નશીલ બનવું જોઇએ. સાથે સાથે પ્રભુને પ્રાર્થતા રહેવું જોઇએ કે જેથી પોતાની જાત સુધારણા માટેના પ્રયાસોમાં પ્રભુના માર્ગે આગળ વધાય તો એનું પરિણામ સાધકને જલ્દીથી પ્રાપ્ત થાય છે.

આપણે કહીએ છીએ કે જો દુનિયામાં ઇશ્વર હોય તો અમને કેમ દેખાતો નથી? પ્રભુ આપને પરોક્ષ રીતે હરપળે દેખાતો રહે છે, પરંતુ આપણે એને જોવાની દૃષ્ટિ કેળવી નથી. પછી એ શી રીતે દેખાય?

તલ કે મગફળીમાં જેમ તેલ ગૂઢ રીતે રહેલું છે, દૂધમાં જેમ માખણ ને ઘૃત નિહિત છે, તે જ પ્રમાણે પ્રભુ આપણા અંગમાં વ્યાપીને રહ્યો છે, તેની સહાય વિના આપણે કશું જ કરી શકવા સમર્થ નથી. છતાં આપણને એ દેખાતો નથી અમે એના અસ્તિત્વમાં માનતા નથી એમ કહેતા રહીએ છીએ.



એટલે એને જોવો હોય તો માણસે અજ્ઞાનનું આવરણ હટાવવું પડશે; અને અજ્ઞાનનું આવરણ તો જ હટશે કે જો માણસનું અંતઃકરણ શુદ્ધ હશે, તેનાં મોહ, માયા ને મમતાનાં બંધનો શિથિલ થયાં હશે, દૃષ્ટિ પવિત્ર થઇ વ્યવહાર પ્રેમમય બન્યો હશે.

એ પછી, ધ્યાન ધરવાથી મન સરળતાથી સ્થિર થશે, સંકલ્પ વિકલ્પો સતાવશે નહિ ને કાળાંતરે અવિરત અભ્યાસના પરિણામે એક ધન્ય દિવસે સાધકને આત્મદર્શન થશે. તે પછી પ્રભુ ક્યાં છે? ને બદલે પ્રભુ ક્યાં નથી? એવો અનુભવ એ હરપળે કરતો થશે.

સીતારામમય સબ જગ જાની,
કરું પ્રણામ કર જોરી જુગ પાણિ.

એવા સાધકને માટે સર્વ જગ પ્રભુમય બની રહેશે. ત્યારે જીવનની ધન્યતા અનુભવાશે. આ લક્ષ્ય પ્રતિ હરેક માનવે ગતિ કરવાની છે; જેની સાધના જેટલી તીવ્ર, તેટલી એની પ્રાપ્તિ જલ્દી. એક જન્મમાં પણ એ સિદ્ધ થાય ને ઘણા જન્મોમાં પણ થાય. ક્યારે એ દશા પ્રાપ્ત કરવી તે તમારા હાથમાં છે. નિશ્ચય કરી, પુરુષાર્થ કરો, પ્રમાદનો પરિત્યાગ કરો તો પ્રભુ જરૂરથી સહાય કરશે. એ વિધાનમાં વિશ્વાસ રાખો.

# The Divine Grace of Pujya Maa

**Shri Nirmal, [Niruben Mistry]**
**Toronto, Canada**

One can find true peace of mind at Pujya Maa's divine lotus feet. All problems and the diseases disappear because of Pujya Maa's grace and blessings. It is amazing how God's grace can do wonders in one's life. God is Supreme having the power and ability to make the impossible into possible. Where God is concerned, all the science, technology and latest inventions are all irrelevant. The Supreme wins over all. When The Almighty God showers and pours grace over a soul, one cannot be anymore fortunate. As we all know, God is loving, compassionate and caring, whose powers are infinite and have no boundaries.

Pujya Maa is Almighty God for me with whose grace eliminated my sensitivity to milk and other food (e.g. nuts). My diet included milk and nuts all throughout my life until 1980, when I became very sick for couple of months. I was going through severe headaches. One would normally go for medical help and I was no different. The doctors were unable to diagnise the reasons



for my headaches. Finally, I was sent to an allergy specialist who performed allergy tests and determined that I was sensitive to dairy, dairy products and nuts, which included peanuts, cashews, almonds, walnuts etc. I was told to eliminate all milk, milk products and nuts from my daily intake.

It was very difficult to accept this in the beginning. I continued to have my favorite tea in the morning with milk and disregarded the medical advice. My headaches continued as a result of this. I concluded that I needed to accept the reality that I could no longer have milk without suffering from these severe headaches.

The allergy specialist prescribed serums which were injected by needle once a week. This treatment was supposed to eventually wear off my sensitivity to my allergies. I was so eager to get over my allergies that I did not miss my weekly appointments. I received this treatment for almost 2 years from Dr. Chu, my family doctor, without any positive results. Then I went to another European doctor who was giving holistic medicine therapy. He promised me that I would be cured of my allergies. I spent another 2 years under his treatment which was quite expensive and time consuming. I would

spend almost an entire day each week to travel to his office to sit and wait as he periodically instilled various serums under my tongue and studied my reactions. I was given additional doses of these serums to carry out this treatment at home during the following week. This therapy was rather awkward as I had to carry out instilling various types of drops, each 3 to 4 times a day whether I was at work or any other place. This required me to carry a special bag with all these serum bottles. Of course I observed this treatment punctually and rigidly because I really wanted to get rid of my allergies. After two years of this treatment and considerable amount of costs, I was no further ahead.

As my allergies continued, my headaches became more persistent, causing inflammation of the sinuses. This in turn required heavy doses of antibiotics. Whenever I was late in taking the antibiotics, my sinusitis would worsen and headaches would become unbearable. During the severe headaches I felt as if hundreds of caterpillars were crawling inside my head. I could not bear bright light and a minute amount of noise would cause throbbing pain. This meant that I had to confine myself to bed, in a dark room with closed doors so that I could not



hear any noise. When I felt a slight relief after 12–18 hours of complete bed rest and other treatments for my headache, I felt a sense of relief as if a major storm had passed. This was happening on a regular basis at least once a week. This type of suffering continuously drove me to seek different medical help from various types of doctors.

I sought out Dr. Hardy who was a very well known and highly recommended homeopathic and naturopath doctor. His initiation fee and ongoing treatments were quite expensive and they were not covered by our medical plans. This meant that I had to bear the treatment expenses on my own. I paid little attention to the costs as my main objective was to get well as soon as possible. I took his treatment for almost 5 years. His therapy consisted of kinesiology and taking certain tiny pills that was the size of mustard seeds. Again, after five years of treatment and waiting, there was no progress. After that, I went to Dr. Singh in Toronto who was also a naturopath. His treatment was similar to Dr. Hardy's treatment; however it did not produce any positive results as well. I continued to hope and believe that I would get better with these

therapies.

During one of my visits to India I thought of receiving Ayurvedic treatment and appro-ached one well known Vaidya in Sisodara (near Navsari). I received his treatment for about a year, again without any successful result. Lastly, I was under the care of Dr. Shrenik of Navsari who was also an experi-enced naturopath and homeopath. Like all other doctors, Dr. Shrenik also assured me that I would be able to take milk for certain. I was sent for X–rays for sinuses in Navsari. Dr. Shrenik suggested that I undergo a surgery to repair my sinuses. I declined this proposal because I was uncomportable with the surgery.

I was at a point where even a minute amount of dairy product consumed unknowingly, would give me severe headaches and flare up of sinuses. Due to continued usage of antibiotics, I was building resistance to them. Doctors had to prescribe more potent drugs to work on me. Antibiotic medications had many side effects on me, for example having dry mouth, dizziness foggy feelings, sour taste on my tongue, etc. It also caused me to feel fatigued and lethargic. I was so scared of eating out that I avoided all foods prepared by any other



source other than myself. The intensity of these headaches would be extremely severe for first couple days. Then it would taper of gradually in about five to six days. My family members were quite aware of my condition and they were all cooperative and supportive of me.

Pujya Maa found out about my allergy problems in the fall of 2005 at Collingwood in Canada. Pujya Maa wanted to know everything that happened to me if I ate food that contained dairy products and nuts. I explained in detail how my body reacted if I ate such products. Pujya Maa repeatedly and extensively inquired about my condition and my responses were the same over and over. My milk allergy was more severe than nuts which I could easily avoid, however, with dairy it was more difficult. Pujya Maa also received further confirmation from Jagubhai about my inability to consume these products and their effects on me.

Pujya Maa was deeply disturbed and agonized upon hearing my sufferings, that one of her children was being deprived of the basic food necessities such as milk. Obviously, Pujya Maa was quite sympathetic and eager to help me and asked me if I wanted to have dairy products once again in

my daily food intake. I couldn't wait to say "YES, Pujya Maa, I would love to be able to drink milk and eat nuts again". I felt ecstatic and overjoyed at the thought that Pujya Maa would be willing to help me without me asking for her help. Because I had faith in Pujya Maa's divine powers and abilities, I never doubted for a second in her divine grace and capabilities of curing any and all ailments. I jumped with joy that Pujya Maa wanted to shower her divine grace upon me.

When the Collingwood retreat was over, Pujya Maa returned to the residence of Sureshbhai in Toronto. One day, Pujya Maa gave me one piece of cashew with her own divine hand and asked me take it as a Prasad in her presence. I immediately accepted the divine prasad from Pujay Maa. When I went to Pujya Maa the next day, I was asked if I had any reaction from the cashew. I had no reactions at all and I responded that I was feeling fine. Pujya Maa then gave me 2 more cashews that day and gradually increased the amount of cashews to 5 a day. Pujya Maa continually inquired with me if I was having any adverse reactions from the cashews. I felt completely normal and was absolutely free from any reactions or side effects such as headaches



and sinusitis. At this point Pujya Maa informed me that every time she gave me the cashew prasad, she said a special prayer for me, which was as follows :

"HEY PRABHU, AA KAJU niruben na SHARIRMA PACHI JAAI."

"Hey Prabhu, May this prasad of cashews get digested in Niruben's body"

Because this was a special prasad sanctified with Pujya Maa's grace and divine powers, I experienced none of the usual reactions that I normally had before. I began to realize that the blessed Prasad was capable of curing all my ailments. No words can describe the level of happiness that I was feeling of being able to eat and digest cashews.

Soon it was time for Pujya Maa to leave for New Jersey. Pujya Maa gave me a bag full of cashews on the day of her departure. Pujya Maa took time and trouble to sanctify these cashews by touching each and every one of them with her divine fingers and showered blessings before handing them to me so that I could continue taking them. Pujya Maa instructed me to have a handful of cashews each day which I did.

Prior to Pujya Maa's cashew prasad, I was very concerned about eating any nuts

and thinking of its after effects and the suffering that always followed. But now I was fearless and I looked forward to the joy of devouring the daily Prasad that Pujya Maa had given me. Even from New Jersey Pujya Maa continued to shower her grace upon me and monitored my progress with phone calls on a daily basis. Pujya Maa sent me more prasad (cashews) from New Jersey. No sooner I was eating cashews by handful without any reaction whatsoever.

Jagubhai and I went to India in November 2005 and met Pujya Maa at Swargrohan. Pujya Maa's joy had no bounds to find that her child was now free of her allergy to cashews and nuts. I was now consuming all kinds of nuts as I used to consume before my allergy had started in 1980. Pujya Maa asked me if I was ready to start an experiment on my milk allergy which was more serious than my allergy to nuts. I agreed at once, without any hesitation, knowing full well that Pujya Maa intended to cure me of my milk allergy. At this time I was not concerned about any adverse reactions because I had total faith in Pujya Maa's divine power.

On the very first day Pujya Maa asked me what dairy product would I like to have. I left



that decision entirely to Pujya Maa. The next day I was called into Pujya Maa's room. Pujya Maa personally took 2 dates, split them open in half and filled the middle with cream. Pujya Maa then offered both dates to Pujya Prabhuji and placed them in front of the swaroop. I observed that Pujya Maa was praying after the offering of the dates. Pujya Maa offered pranams to Pujya Prabhuji and then handed me the prasad (dates). Neelaben and Manjuben chanted "Om Yogeshwar Rakshamam, Maa Sarveshwari pahimam" dhoon as I was eating the divine prasad. Since I had not had any dairy products in the last 25 years, the divine prasad tasted like sweet nectar. I enjoyed every bite of it and was not worried at all about any reactions. Pujya Maa kept me in her quarters and in her proximity with various activities all day. Pujya Maa's intention was to keep me occupied with various activities and to keep my mind focused away from the thoughts of headaches of any adverse reactions to the dates and cream prasad. Pujya Maa kept a watchful eye on me all day but without directly asking me if I had any signs of headache. Once in the middle of an activity, I rubbed my forehead with my hand, and seeing this, Pujya Maa immediately

asked me if I had a headache. I was taken by surprise by her question and informed Pujya Maa that I was completely well and free of any reactions. I asked Pujya Maa as to why she thought I had a headache and she told me that it was because of me touching my forehead.

Pujya Maa had mentioned that I should keep Jagubhai updated about this experiment. This indicates that Pujya. Maa is very considerate and takes into account every minute detail in her day to day conduct.

On the fifth day (I believe it was Jan. $2^{nd}$, 2006), Pujya Maa gave me half a glass of milk with pieces of fruit and chopped nuts. Pujya Maa, again, offered this fruit salad to Pujya Prabhuji and placed it in front of the swarup, offering special prayers and pranams. After a few minutes Pujya Maa rose from her seat, bowed and offered pranams to Pujya Prabhuji, picked up the fruit salad Prasad and stirred it for few minutes while talking to me occasionally with her slate. Pujya Maa then gave that divine prasad to me as Neelaben and Manjuben chanted the Raxmam dhun. I drank a few spoons at a time. After a while, Pujya Maa gave me cardamom seeds (Elaichi) that



Pujya Maa peeled with her divine hands. Pujya Maa instructed me to eat them immediately, which I did, and continued having the fruit salad prasad. The prasad tasted so delicious that after each spoonful, I would say to Pujya Maa, “Maa, this is delicious. Maa, I am really enjoying it.” Neelaben said that this fruit salad was prepared specially by Pujya Maa. While I was having the prasad, I had a feeling that I was a little girl and that the divine mother is feeding me with so much love and affection. Pujya Maa’s entire attention was so focused on me that at the time, Pujya Maa would refrain from any activities, including taking any phone calls. Pujya Maa only allowed the presence of Neelaben and Manjuben in the room while this divine krupa was being showered upon me. Pujya Maa once again gave me the cardamom seeds to eat before I finished the prasad. It was overwhelming to me that I started to drink milk after 25 long years. I never imagined that I would ever be able to drink milk again in my life. Like a child who is fearless in the presence of their mother; I too was absolutely worry free. As a matter of fact, every morning I looked forward to coming to Pujya Maa to have Pujya Maa’s prasad.

Later on, Pujya Maa informed me that she had composed a special prayer for me, which is as follows :

"Hey Prabhu, aa thalma vishvani sarva aarogyani aushdhi utaaro."

"Hey Prabhu, may all the health medicines of the universe descend in this plate."

As usual, I spent the entire day in the presence of Pujya Maa doing various things., thus keeping my mind occupied.

The next few days I was given a full glass (full "dose" as Pujya Maa says) of fruit salad Prasad and a separate dish of mixed nuts. As usual, the fruit salad and nuts were offered first to Pujya Prabuji and then handed over to me, once Pujya Maa offered pranams to Pujya Prabuji, followed by Raxmam dhoon. Pujya Maa remained present in the room until I finished the Prasad. This ritual continued for ten wonderful days. There were no adverse reactions to the milk and nuts. I almost forgot for a while that I had sensitivity to dairy and nuts. Everyday Pujya Maa would say (slate writing)

"Maane hash thai chhe ke Niruben thi dudh lavai chhe."

"Maa is relieved that Niruben is now able to consume milk."

Generally, a baby (or a new born baby)



develops allergies which they would out grow as time passes. However, it is very rare in adults to eradicate allergies completely. Having gone through so many various medical treatment and suffering, I never expected that I would be able to consume milk and nuts ever again in my life.

I continuously suffered emotional and physical stress from severe headaches due to sinusitis for 25 years. I spent considerable amount of money in hopes that modern medicine will cure my problems, but it did not. As I experienced, Pujya Maa's blessings and grace superseded modern medical science.

We all know about Mirabai's example where Lord Krishna turned poison into nectar and she was saved. Only the Lord is able to do this. In my case, Pujya Maa also turned the substances that were poison to me, into nectar. For me, Pujya Maa is no less than a living God incarnate with equal divine powers. Pujya Maa proved beyond any doubt that the most advanced science and technology are no match to the Divine Grace and Powers.

On this particular day in Collingwood, a small town in Ontario, Canada, I became the most fortunate child of THE DIVINE and POWERFUL PUJYA MAA., who showered

HER DIVINE GRACE upon me and decided to help me overcome my health problems. I now firmly believe that Pujya Maa SARVESHWARI is the most powerful Mother Goddess on this earth for me.

જેમની બાહ્ય પરિસ્થિતિ સારી છે. તેઓ શાંત જ છે એવું રખે માનતા. તેમને અંદરની માનસિક સમસ્યાઓ જેવી કે તૃષ્ણા, અહંતા, મમતા અને વાસના ઝુલાવ્યા કરે છે. એટલે અંદરથી અને બહારથી સંપૂર્ણ શાન્ત તો કોઇ સાચા વિતરાગી સંત હોય છે, જેમની સાચી પીછાણ પ્રથમ દૃષ્ટિએ દેખાતી નથી. **– યોગેશ્વરજી**

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કર્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# પૂ. માની દિવ્ય અદ્‌ભુત કૃપા

**સંક્ષેપ : નારાયણ હ. જાની**

(‘ધ ડિવાઈન ગ્રેસ ઓફ પૂ. મા’ના શીર્ષકવાળો લેખ એ શ્રી નિર્મલ (પૂ. માએ શ્રી નીરૂબેન મિસ્ત્રીને આપેલું નવું નામાભિધાન)ના જીવનની ઘટના છે.

૧૯૮૦માં બે મહિનાની બીમારી આવી તેના પછી, શરીરમાં કોણ જાણે એવું થઇ ગયું કે માથાનો સખત દુઃખાવો રહેવા લાગ્યો. ઘણી દવા કરી વિવિધ દાક્તરોની સારવાર લેતાં પહેલાં જુદા જુદા ટેસ્ટસ્ કરાવતાં માલુમ પડ્યું કે આ માથાના દુઃખાવાનું કારણ ભોજનમાં લેવાતી દૂધની કે સુકામેવાની (કાજુ, બદામ, અખરોટ, શીંગ વગેરેની) વાનગીઓ છે. બીજી રીતે કહેવું હોય તો કહેવાય કે શરીરમાં દૂધ અને તેની બનાવટો તથા કાજુ–બદામ–શીંગ–અખરોટ વગેરેની વાનગીઓ એલર્જી પ્રેરક બની ગઇ છે. તેથી તેમને છોડવી પડે જ.

આ એલર્જી દૂર કરવા ઘણો ભારે ખર્ચ કરી દાક્તરોની વર્ષો સુધી સારવાર ને દવા લીધી પરંતુ પરિણામ શૂન્ય.

સંવત ૨૦૦૫ ના અંતભાગમાં તેઓની આ બીમારીની જાણ પૂ. માને થઇ. તેથી તેમને ગ્લાનિ ને વ્યથા થઇ, કારણ શ્રી નિર્મલ દૂધવાળી ચા કે કોફી પણ ના પી શકતાં.

પૂ. મા જેવાં એક સાચા સંતના હૃદયમાં ઉદ્‌ભવેલી કરુણા શ્રી નિર્મલના જીવનમાં છેલ્લા ૨૫ વર્ષથી (૧૯૮૦ થી ૨૦૦૫ સુધી) ઘર કરી ગયેલા વ્યાધિને દૂર કરવા પૂ. માના શુભ આરોગ્યના સંકલ્પે કેવું અદ્‌ભુત કામ કર્યું, તેની દાસ્તાન

શ્રી નિર્મલે ખૂબ વિગતે અંગ્રેજી લેખમાં વર્ણવી છે. પૂ. માએ ક્રમે ક્રમે પહેલાં સૂકામેવાની કાજુ બદામના ટુકડાઓ પ્રાર્થનાના સંકલ્પ સાથે આપી શ્રી નિર્મલના હૃદયમાં શ્રદ્ધા જગાવી. શ્રી નિર્મલની પૂ. મામાંની અખૂટ શ્રદ્ધાએ પણ આમાં ભાગ ભજવ્યો હોય તે પણ એટલું જ સાચું છે. દેખીતી રીતે તો પૂ. માના શુભ સાત્ત્વિક સંકલ્પો જ એમાં કામ કરી ગયા એમ માનવું રહ્યું. શાનાથી આ રોગ મટ્યો તેનાં કારણોની શોધમાં પડવા કરતાં શ્રી નિર્મળનો આ રોગ સંપૂર્ણપણે મટી ગયો એ જ મહત્ત્વનું છે. કેટલી મોટી વર્ષોની પીડામાંથી શ્રી નિર્મલની મુક્તિ થઇ તેનો આનંદ એમના મન અંતરમાં કેવો છવાઇ ગયો હશે, તેની તો કલ્પના જ કરવી રહી. આથી શ્રી નિર્મલે સાચું જ કહ્યું છે કે પૂ. મા મારા ભગવાન છે, મારા માટે સ્વયં મનુષ્ય શરીરધારી મા જગદંબા છે.

વૈજ્ઞાનિક શોધો તેની સારવારની પદ્ધતિઓ ને દવાઓ વર્ષો સુધી લેવા છતાં જે કંઇ પરિણામ—રોગમુક્તિનું ના લાવી શક્યું, તે પૂ. માના શુભ પવિત્ર સંકલ્પ વડે ટૂંક સમયમાં જ સિદ્ધ થઇ શક્યું એ વાત જરૂરથી આશ્ચર્યજનક છે જ. તેનાથી એ પણ સિદ્ધ થાય છે કે ભૌતિક શોધો વગેરે કરતાં પણ એક ચડિયાતી દિવ્યશક્તિ અવશ્ય છે, જે પોતાનું કાર્ય બાહ્ય સ્થૂલ વસ્તુઓની મદદ લીધા વગર પણ પરિણામ નિપજાવી શકે છે. પૂ. માની એ દિવ્ય શક્તિને અમારા વંદન હો—તો શ્રી નિર્મલની પૂ. મામાંની શ્રદ્ધાભક્તિ પણ એટલી જ વંદનીય છે. ફરી ફરી એમને વંદન હો, વંદન હો, વંદન હો.



# મન સ્વસ્થ તો તન સ્વસ્થ

**ડૉ. કાલિદાસ પ્રજાપતિ**

મન સ્વસ્થ તો તન સ્વસ્થ અને તન તંદુરસ્ત તો મન પ્રસન્ન. આમ મન અને તનનો એકબીજા ઉપર પ્રભાવ પડે છે. માનસિક શાંતિ, સ્વસ્થતા, આનંદ હોય તો સ્વાભાવિક રીતે શરીર દ્વારા તે વ્યક્ત થાય છે. તે રીતે શારીરિક વ્યાધિ, અસ્વસ્થતાનો પ્રભાવ પણ માનસિક અવસ્થા ઉપર પડે છે. આમ છતાં આધ્યાત્મિક વ્યક્તિઓના જીવનમાં એક ત્રીજી સ્થિતિ પણ જોવા મળે છે. શારીરિક વ્યાધિનો મન ઉપર પ્રભાવ પડતો નથી.

સાધકના જીવનમાં સતત યોગાભ્યાસ દ્વારા દેહ અને આત્માની ભિન્નતાની અનુભૂતિનો અભ્યાસ કરવામાં આવે છે. લાંબા સમયના અભ્યાસથી દેહી અભિમાની, વિદેહી સ્થિતિ બને છે. જેથી આધ્યાત્મિક સ્મૃતિમાં, પરમાત્મ ચિંતનમાં, જ્ઞાનના મનન ચિંતનમાં વ્યસ્ત રહેવાને કારણે શારીરિક વ્યાધિનો પ્રભાવ મન, આત્મા ઉપર પડતો નથી. રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ, બ્રહ્માકુમારી જગદંબા સરસ્વતીજીને કેન્સરનું દર્દ હતું આમ છતાં તેઓની માનસિક સ્વસ્થતા, પ્રસન્નતા નોંધપાત્ર હતી. તેમની આસપાસના સાધકો પણ અનુભવ કરતાં કે વેદનામય પરિસ્થિતિમાં પણ આ મહાન આત્માઓ અન્ય સાધકોને પ્રેરણા આપી રહ્યા છે.

કોઇપણ વ્યાધિ એ ભૂલનું પરિણામ છે. વિકર્મનું પરિણામ છે. પાછલા જન્મોનો હિસાબ કિતાબ પણ કર્મભોગ દ્વારા ચૂક્તે થાય છે. જ્યારે ઋણ ઓછું થાય છે તેનો આનંદ થાય

છે. યોગી આત્મા પણ કર્મોના હિસાબ કિતાબને સમજે છે તેથી તે કર્મભોગને કર્મયોગમાં પરિવર્તિત કરે છે. માંદગી એ તેમને માટે અભિશાપ નહીં પણ વરદાન બની જાય છે. સતત વ્યસ્તતામાંથી મળેલા આ સમયનો ઉપયોગ તેઓ આત્મ-કલ્યાણ તથા વિશ્વકલ્યાણ માટે કરે છે. પોતાના શ્રેષ્ઠ સંકલ્પોના પ્રભાવશાળી આંદોલનો વહેતા કરીને અન્ય આત્માઓની ઉન્નતિ માટે તેઓ પુરુષાર્થ કરે છે.

સાંસારિક જીવનમાં કર્મેન્દ્રિયોને છૂટો દોર આપતાં વ્યર્થ, વિકારી બાબતોનો પ્રભાવ આત્મા ઉપર પડે છે જે મનુષ્યને બહિર્મુખી બનાવે છે. દેહ અભિમાનને કારણે માન સન્માન, મોભાની સતત સભાનતાને કારણે જીવન તનાવપૂર્ણ બને છે. ધનસંપત્તિ પાછળની વિવેકહીન આંધળી દોડને કારણે નૈતિક મૂલ્યોનું અધઃપતન એ સામાન્ય બાબત બની જાય છે. વ્યર્થ વાતોના પ્રભાવના પરિણામે માનસિક રોગો જન્મે છે. વર્તમાન સમયે થતા રોગોમાં ૭૫ ટકા માનસિક રોગો છે.

સાધક વ્યર્થથી મુક્ત હોય છે. પશ્ચાતાપ કરાવે તેવાં કાર્યોથી તે દૂર રહે છે. જીવન સાદગીપૂર્ણ સંયમપૂર્ણ જીવવાને કારણે યાંત્રિકતાથી પણ તે મુક્ત બને છે. દરરોજના કારોબારમાં વખતોવખત શાંતિની પળોમાં, અશરીરી અવસ્થામાં જવાનો અભ્યાસ કરે છે. પરિણામે કાદવ વચ્ચે રહેવા છતાં પણ તે જલકમલવત્ રહી શકે છે. માટે અન્ય માનવીને બીમારી ભયભીત બનાવે છે ત્યારે સાધક સ્વસ્થચિત્તે તેને જીવનક્રમ સમજીને સ્વીકારે છે. તેથી માંદગીના હાઉમાંથી જન્મતો તનાવ પણ તેને સ્પર્શતો નથી. તેથી સાંપ્રત જીવનમાં આધ્યાત્મિકતાનો સ્પર્શ પણ દવાની સાથે દુઆનું કાર્ય કરે છે.



# એક માગું છું

એક માગું છું બસ એક માગું છું.
કૃપાનું કિરણ બસ એક માગું છું.
આસપાસ અંધાર વ્યાપી છે ગયો,
સૂર્યનો પ્રકાશ પુરો અસ્ત છે થયો,
જાણું ના કે છાયા મહીં ક્યાં હું ભાગું છું ...કૃપાનું
બીન બધા બંધ બન્યાં વાગતાં નથી,
તાર ના સંધાય હવે થાક્યો છું મથી,
શ્રદ્ધા ભરી, આશ લઈ હું જ વાગું છું ...કૃપાનું
તમારો ભંડાર કદી ખૂટતો નહીં,
માગી રહ્યો કોડી માત્ર આજ હું અહીં
વારંવાર પ્રાર્થું તો ના ઠીક લાગું છું ...કૃપાનું
વરસો એકાદ બિંદુ તોય ચાલશે,
પ્રાણ મારો ધન્યતામાં નિત્ય મહાલશે,
તમારા જ પ્રેમ જગે રોજ જાગું છું ...કૃપાનું

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧